Volume : 11
Issue : 022
Dt.: 22-05-2025
THURSDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### ૧ કરોડના ઈનામી રાજુ વસાવા એન્કાઉન્ટરમાં ઠાર

# છત્તીસગઢમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી, ૩૧ નક્સલી ઠાર

## આ એન્કાઉન્ટર દરમિયાન એક સૈનિક શહીદ થયો હતો જ્યારે એક ઘાયલ થયો : ૧૨ બોરની રાઈફલ, પિસ્તોલ અને અન્ય નક્સલી સામગ્રી મળી

બીજાપુર,

છત્તીસગઢમાં નક્સલીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. છત્તીસગઢના નારાયણપુર અને બીજાપુરમાં સુરક્ષા દળોએ ૩૧ નક્સલીઓને ઠાર માર્યા છે. આજે, એટલે કે બુધવારે, સુરક્ષા દળોએ નારાયણપુર અને બીજાપુર વિસ્તારોમાં નક્સલીઓ પર વિનાશ વેર્યો હતો. નક્સલવાદીઓ સામેની આ કાર્યવાહીમાં રાજુ વસાવા માર્યો ગયો હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. સૂત્રો કહે છે કે, નક્સલી સંગઠનના મહાસચિવ વસાવા રાજુની પણ હત્યા કરવામાં આવી છે. હજુ સુધી કોઈ ઔપચારિક જાહેરાત થઈ નથી. વસાવા રાજુ છત્તીસગઢના નારાયણપુર અને બીજાપુર વિસ્તારનો કુખ્યાત નક્સલવાદી રહી ચુક્યો છે. તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ છે. આ એન્કાઉન્ટર દરમિયાન એક સૈનિક શહીદ થયો હતો જ્યારે એક ઘાયલ થયો હતો.

વસાવા રાજુને બસવા રાજુ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનું સાચું નામ નંબાલા કેશવ રાવ છે. તેમને ગગન્ના, પ્રકાશ અને બીઆર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના પિતાનું નામ વાસુદેવ રાવ છે. તેમની ઉંમર લગભગ ૨૫ વર્ષ છે. તેમણે બી.ટેકનો અભ્યાસ કર્યો હતો. તે આંધ્રપ્રદેશના શ્રીકાકુલમનો રહેવાસી હતો. તેમણે CPI માઓવાદીમાં મહાસચિવનું પદ સંભાળ્યું હતું. જણાવી દઈએ કે, તેની પાસે AK47 હતી. વસાવા રાજુ એક ખુંખાર નક્સલવાદી હતો. તે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી) ના વરિષ્ઠ કાર્યકર હતો અને દક્ષિણ બસ્તર વિભાગીય સમિતિના વડા પણ રહી ચૂક્યો છે. તે છત્તીસગઢ, ઓડિશા અને આંધ્રપ્રદેશની સરહદો પર સક્રિય હતો. તેમની કુશળતા વિસ્ફોટકો અને ગેરિલા યુદ્ધમાં હતી, જેના કારણે તેઓ સુરક્ષા દળો માટે ખતરનાક બની ગયો હતો. આ ઉપરાંત, છત્તીસગઢમાં રાજ્ય સ્તરે ૧ કરોડ રૂપિયાનું ઈનામ હતું. નક્સલી વસાવા રાજુ સુરક્ષા દળો માટે મોટો માથાનો દુખાવો હતો. તેણે ઘણા નક્સલી હુમલા કર્યા હતા. તેના પર અનેક મોટા હુમલાઓનો આરોપ હતો. આમાં પોલીસકર્મીઓ અને નાગરિકોની હત્યા, ખાણકામ કંપનીઓ પાસેથી ખંડણી અને સરકારી સંપત્તિને નુકસાનનો સમાવેશ થાય છે. એન્કાઉન્ટર દરમિયાન તેની પાસેથી ૧૨ બોરની રાઈફલ, પિસ્તોલ અને અન્ય નક્સલી સામગ્રી મળી આવી હતી. સૌથી મોટો હુમલો સુકમા અને દાંતેવાડા નક્સલી હુમલો હતો. ૨૦૧૦ના દંતેવાડાના હુમલામાં ૭૫ CRPF જવાનો શહીદ થયા હતા. આમાં તેમનો હાથ હતો. નારાયણપુર, બીજાપુર અને દાંતેવાડામાં નક્સલીઓ અને ડીઆરજી સૈનિકો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળોએ કાર્યવાહી કરી હતી. સુરક્ષા દળોએ તેમને ચારે બાજુથી ઘેરી લીધા હતા. આ પછી બંને તરફથી ગોળીબાર થયો હતો. આમાં તેનું મોત થયું હતું. તે છેલ્લા કેટલાક વર્ષોથી અબુઝહમાદ વિસ્તારમાં છુપાયેલો હતો. આ દંડકારણ્યમાં નક્સલવાદી સંગઠનનો પાયો નાખનારાઓમાંના એક છે. જો નક્સલી વસાવાના માર્યા જવાના સમાચાર સાચા હોય, તો તે સુરક્ષા દળો માટે એક મોટી સફળતા છે. આનાથી નક્સલવાદીઓની કમર તૂટી જશે.

### બિહાર અંગેની ટિપ્પણીથી લોકોમાં રોષ

# કામરા, સમય રૈના બાદ કોમેડિયન હર્ષ ગુજરાલ વિવાદમાં ફસાયો

### હર્ષ ગુજરાલે કોમેડી શૉમાં ઓપરેશન સિંદૂર મુદ્દે બિહાર અને બિહારના લોકો પર ટીપ્પણી કરતાં લોકોએ નારાજગી વ્યક્ત કરી

નવી દિલ્હી

સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈના અને રણવીરનો વિવાદ હજી શાંત થયો નથી, ત્યાં કાનપુરના કોમેડિયન હર્ષ ગુજરાલે એક વિવાદાસ્પદ ટીપ્પણી કરતાં સોશિયલ મીડિયા પર હોબાળો થયો છે. હર્ષ ગુજરાલે પોતાના કોમેડી શૉમાં ઓપરેશન સિંદૂર મુદ્દે બિહાર અને બિહારના લોકો પર ટીપ્પણી કરતાં લોકોએ નારાજગી વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર યુઝર્સે તેનો પટણા શૉ રદ કરવા અને બહિષ્કાર કરવાની માગ કરી છે. ગુજરાલ ૨૩ મેથી ૨૬ જુલાઈ સુધી ૨૨ શહેરોમાં જો બોલતા હે, વહી હોતા હે. કોમેડી શૉ કરવા જઈ રહ્યો છે. જેમાં ૭ જૂનના રોજ પટણામાં શૉ છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાના સફળ ઓપરેશન સિંદૂર મુદ્દે હર્ષ ગુજરાલે ત્રણ દિવસ પહેલાં જય હિન્દ નામથી એક કોમેડી શૉનો વીડિયો પોતાની યુટ્યૂબ ચેનલ પર



અપલોડ કર્યો હતો. આ વીડિયોમાં ગુજરાલે કહ્યું કે, બ્લેકઆઉટથી ભારત ભયભીત થઈ રહ્યું છે. બિહારમાં લોકો બ્લેકઆઉટ જોવા માટે બહાર ઉમટી પડ્યા હતાં. બિહાર જેવી તુચ્છ કોમ આખા દેશમાં નથી. બિહારમાં એક જણ બીજાને મળ્યું અને કહી રહ્યું છે કે, અંધારૂ જોવા આવ્યો છું. અંધારાનું મુખ્ય કામ છે, કોઈ દેખાય નહીં. જ્યારે આ લોકો તેને જોવા ગયાં. અંધારાને પોતાના અસ્તિત્વ પર શંકા ગઈ....અપશબ્દો બોલી ગુજરાલ બોલ્યો કે, આપણે શું? એક નકામા માણસને પૂછ્યું કે, બ્લેકઆઉટ શું છે ખબર છે? તો કહે ભાઈ કેચઆઉટ વિશે સાંભળ્યું છે મેં, પણ બ્લેકઆઉટ કોણ આપે છે, મેં કીધું થર્ડ એમ્પાયર, બ્લેકઆઉટ. બોલિવૂડ સ્ટાર્સ અર્જુન કપૂર, ભૂમિ પેડનેકર અને રકુલ પ્રીત સિંહની ફિલ્મ મેરે હસબન્ડ કી બીવીમાં કામ કરી ચૂકેલો હર્ષ ગુજરાલ પહેલાં પણ વિવાદોમાં ફસાયો હતો. તેણે એક વખત પોતાની કોમેડીમાં કહ્યું હતું કે, ૬૦૦૦માં તો રશિયન આવી જાય છે, આ વાત કરી કોલગર્લની ખુલ્લેઆમ વાત કરવા બદલ વિવાદ સર્જાયો હતો. એક શૉમાં મહિલા દર્શક સાથે ગેરવર્તૂણક કરવા બદલ પણ ગુજરાલની ટીકા થઈ હતી. કોમેડી શૉ ઈન્ડિયા ગોટ લેટેન્ટમાં પણ ખરાબ અને અશ્લીલ વાતો કરવા બદલ રણવીર અને સમય રૈના પર કેસ થયો તો હર્ષ ગુજરાલે પોતાનો કોમેડી શૉ ધ એસ્કેપ રૂમ ડિલિટ કર્યો હતો. ત્યારે તેના માત્ર બે વીડિયો આવ્યા હતાં. જેમાં અશ્લીલ વાતો કહી હતી.

### કોવિડ જેવી સ્થિતિના સામના માટે વિશ્વમાં પ્રથમ વખત પેન્ડેમિક કરાર

જીનીવા,

ભવિષ્યમાં રોગચાળાની સંભવિત સ્થિતિ સમયે વૈશ્વિક સહકાર મજબૂત બનાવવા અને ઝડપી પગલાં લેવાના હેતુથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા મંગળવારે ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. WHOના સભ્ય રાષ્ટ્રોએ સર્વાનુમતે વિશ્વમાં પ્રથમ વખત પેન્ડેમિક એગ્રીમેન્ટને સ્વીકારવા સંમતિ દર્શાવી છે. કોવિડ-19ના વૈશ્વિક પડકારો બાદ ત્રણ વર્ષની વાટાઘાટો પછી આ એગ્રીમેન્ટને આખરી ઓપ આપવામાં આવ્યો છે. WHOમાં મહત્ત્વના નિર્ણયો લેતી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના સેશનમાં વિવિધ દેશોની સરકારોએ WHO પેન્ડેમિક એગ્રીમેન્ટનો સ્વીકાર કર્યો હતો. સોમવારે એગ્રીમેન્ટને મંજૂરી બાબતે મતદાન થયું હતું. જેમાં 11 દેશો ગેરહાજર રહ્યા હતા અને હાજર રહેલા 124 દેશોએ સર્વાનુમતે આ એગ્રીમેન્ટનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ મંગળવારે એગ્રીમેન્ટની સત્તાવાર જાહેરાત થઈ હતી.

### ઈઝરાયેલે ગાઝામાં ખોરાક, દવાઓ સહિતની રાહત સામગ્રીની ટ્રકોના પ્રવેશને મંજૂરી આપી

# ગાઝામાં ઈઝરાયેલના ભીષણ હવાઈ હુમલામાં ૮૫ના મોત થયા

### ઈઝરાયેલે મંગળવારે કરેલાં હુમલામાં એક શાળામાં બનાવેલા શરણાર્થી ગૃહ અને મકાનમાં રહેલાં ૨૨ જણાંના મોત નિપજ્યાં હતાં

ડેર અલ-બલાહ,

ગાઝામાં નવી સૈન્ય કાર્યવાહી અટકાવવાની સાથી દેશોની અપીલને અવગણીને ઈઝરાયેલે મંગળવારે કરેલાં આક્રમક હવાઈ હુમલામાં ઓછામાં ઓછાં ૮૫થી વધુ પેલેસ્ટેનિયન નાગરિકોના મોત નિપજ્યાં હતાં. દરમિયાનમાં આંતરરાષ્ટ્રીય દબાણને પગલે ઈઝરાયેલે પેલેસ્ટેનિયન નાગરિકો માટે મોકલવામાં આવતી સહાયની ડઝનેક ટ્રકને ગાઝામાં પ્રવેશની મંજૂરી આપી હતી. ઉલ્લેખની છે કે, આંતરરાષ્ટ્રીય સમુદાયના દબાણને પગલે ઈઝરાયેલે ગયા સપ્તાહે ખોરાક, દવાઓ અને ઈંધણ સહિતની રાહત સામગ્રી ગાઝામાં લઈ જવાની મંજૂરી આપી હતી. સોમવારે આ પૈકીની પાંચ ટ્રકો કેરેમ શાલોમ થઈ ગાઝામાં પ્રવેશી હતી. જ્યારે મંગળવારે વધુ ડઝનેક ટ્રક્સ લોટ, બેબી ફૂડ તથા મેડિકલ સપ્લાય સહિતની ચીજ-વસ્તુઓ લઈ ગાઝા પહોંચી હતી. ઈઝરાયેલે મંગળવારે કરેલાં હુમલામાં એક શાળામાં બનાવેલા શરણાર્થી ગૃહ અને મકાનમાં રહેલાં ૨૨ જણાંના મોત નિપજ્યાં હતાં. ઈઝરાયેલી સૈન્યના દાવા અનુસાર, તેમણે અહીં આવેલા હમાસના કમાન્ડ સેન્ટરને ટાર્ગેટ બનાવ્યું હતું, અને હુમલો કરતાં પહેલાં નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસી જવાની ચેતવણી આપી હતી. ડેર અલ-બલાહમાં કરાયેલાં અન્ય એક હુમલામાં ૧૩ જણાના જ્યારે તેનાંથી થોડાંક અંતરે આવેલા નુસરત રિફ્યુજી કેમ્પ પરના હુમલામાં ૧૫ જણાનો જીવ ગયો હતો તેમ અલ અક્સ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે દક્ષિણના ખાન યુનિસ શહેર પરના હુમલામાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે, હમાસના આતંકીઓ રહેણાંક વિસ્તારમાં નાગરિકોને ઢાલ બનાવી રહ્યાં છે.ઈઝરાયેલી હુમલાઓમાં વધારો થવાને કારણે હમાસ સાથે ઘણા દેશો સતત યુદ્ધવિરામ કરાર માટે તૈયારી કરી રહ્યા છે. આ દરમિયા ઈઝરાયેલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ દ્વારા આપવામાં આવેલા નિવેદનથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે ગાઝામાં યુદ્ધવિરામની આશાઓ વધુ ધૂંધળી થઈ રહી છે. ગાઝામાં યુદ્ધ શરુ થયું જ્યારથી હમાસના આતંકવાદીઓએ ૨૦૨૩માં દક્ષિણ ઈઝરાયેલમાં ઘુસણખોરી કરીને ૧૨૦૦ લોકોને મારી નાખ્યા હતા. ઈઝરાયેલે વળતા જવાબમાં પેલેસ્ટાઈનના ૫૨૮૦૦થી વધુ લોકોને મારી નાખ્યા છે.

### સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને આપ્યો આદેશ

# UPSCમાં છેતરપિંડી આચરનારી પૂજા ખેડકરના જામીન અંતે મંજૂર

### સુપ્રીમ કોર્ટની બેન્ચે પૂજા ખેડકરના આગોતરા જામી મંજૂર કરતાં જણાવ્યું હતું કે, શું તેણે ગંભીર ગુનો કર્યો છે?

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે યુપીએસસી પરીક્ષા પ્રક્રિયામાં ગેરરીતિ તેમજ છેતરપિંડી આચરીને આઈએએસ બનેલી પૂજા ખેડકરના આગોતરા જામીન મંજૂર કર્યા છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે પૂજા ખેડકરના આગોતરા જામી મંજૂર કરતાં જણાવ્યું હતું કે, શું તેણે ગંભીર ગુનો કર્યો છે? તે ડ્રગ ડીલર કે આતંકવાદી નથી. તેણે ૩૦૨ (હત્યા)નો ગુનો કર્યો નથી. તે NDPS ગુનેગાર નથી. તમારી પાસે સિસ્ટમ કે સોફ્ટવેર હોવું જોઈએ. તમે તપાસ પૂર્ણ કરો. તેણે બધું જ ગુમાવી દીધું છે અને તેને ક્યાંય નોકરી મળશે નહીં. પૂજા ખેડકરે પછાત વર્ગ (OBC) અને બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ (PwBD) શ્રેણીઓનો દુરૂપયોગ કરતાં ખોટા સર્ટિફિકેટ રજૂ કરી IAS પરીક્ષામાં લાભ લીધો હતો. દિલ્હી પોલીસે તેની વિરૂદ્ધ તપાસ હાથ ધરી છે. ખેડકર વિરૂદ્ધ ફરિયાદ થતાં તે અંડરગ્રાઉન્ડ થઈ હતી. બાદમાં હાલમાં જ ૨ મે, ૨૦૨૫ના રોજ કમલા માર્કેટ ખાતે



દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થઈ હતી. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને ખેડકર કેસમાં થઈ રહેલા વિલંબ બદલ સવાલો કર્યા હતાં કે, ખેડકરે પોતે જ આ કેસમાં સહકાર આપવાની તૈયારી બતાવી હોવા છતાં તપાસમાં શા માટે વિલંબ થઈ રહ્યો છે. આ કેસની તપાસ ઝડપથી પૂર્ણ કરી ઉકેલ લાવો. ઉલ્લેખનીય છે, દિલ્હી હાઈકોર્ટે અગાઉ બંધારણીય સંસ્થા અને દેશની સાથે છેતરપિંડી આચરવાનો સ્પષ્ટ કેસ હોવાનું જણાવી તેની જામીન અરજી રદ કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, તેના વાલી પણ વરિષ્ઠ સરકારી અધિકારીઓ હોવાથી મામલો ગંભીર છે.

મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લાની રહેવાસી પૂજા ખેડકર એક તાલીમાર્થી (ટ્રેઈની) આઈએએસ અધિકારી હતી. બત્રીસ વર્ષીય પૂજા ખેડકર ૨૦૨૩ બૅચની અધિકારી હતી અને તેણે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન(યુપીએસસી)ની પરીક્ષામાં દેશભરમાં ૮૪૧મો ક્રમાંક મેળવ્યો હતો. તે અમલદારો અને રાજકારણીઓના પરિવારમાંથી આવે છે. પૂજાના પિતા દિલીપ રાઓ ખેડકર મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિવૃત્ત અધિકારી છે. વંચિત બહુજન આખાડી (VBA) પાર્ટીના ઉમેદવાર તરીકે તેઓ ૨૦૨૪ના લોકસભાની ચૂંટણી લડ્યા હતા. પૂજાની માતા ભલગાંવ ગામની સરપંચ છે. તેના દાદા પણ વરિષ્ઠ અમલદાર હતા.

### પ્રદર્શનકારીઓએ સિંધના ગૃહમંત્રીનું ઘર ફૂંક્યું

# પાકિસ્તાનમાં ભડકો, ગૃહ યુદ્ધ થાય તેવી સ્થિતિ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં ફરી સ્થિતિ બગડવા તરફ છે. દેશમાં પાણીને લઈને હાહાકાર મચી ગયો છે. સિંધ અને પંજાબ વચ્ચે પાણીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ મામલો એટલો વધી ગયો કે લોકો વિરોધ પ્રદર્શન માટે રસ્તા પર ઉતર્યા છે. પ્રદર્શનકારીઓએ સિંધ પ્રાંતના ગૃહમંત્રી જિયાઉલ હસન લંજરના ઘર પર હુમલો કર્ય છે. પ્રદર્શનકારીઓએ ગૃહમંત્રીના ઘરને આગને હવાલે કર્યું છે. પંજાબ અને સિંધમાં પાણીની વહેચણીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ મામલાને લઈને હિંસા ભડકી છે. બેકાબૂ ટોળાએ ગૃહમંત્રીના ઘરને નિશાન બનાવ્યું છે. ગૃહમંત્રીના ઘર પર હુમલો કરનાર પ્રદર્શનકારીઓ બંદૂકો લઈને પહોંચ્યા હતા. આ ક્ષેત્રમાં તણાવ વધી ગયો છે. ગરમી વધ્યા બાદ પાણીની સમસ્યા વધી છે. પાણીને લઈને ચાલી રહેલો વિવાદ હવે ઉગ્ર બની ગયો છે. ધ ટ્રીબ્યૂન એક્સપ્રેસના એક રિપોર્ટ પ્રમાણે નૌશહરો ફિરોઝ જિલ્લાના મોરો તાલુકામાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ભયંકર ઘર્ષણ થયું છે. તેમાં ઓછામાં ઓછા બે પ્રદર્શનકારીઓના મોત થયા છે અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ વિરોધ છ નહેરો અને કોર્પોરેટ ફાર્મિંગ પ્રોજેક્ટના વિરોધમાં કરવામાં આવ્યો હતો. કથિત રીતે પોલીસે પ્રદર્શનકારીઓને રાષ્ટ્રીય રાજમાર્ગ પર ધરણા દેતા રોકવા માટે બળ પ્રયોગ કર્યો હતો.

### કોર્ટમાં પેન્ડિંગ કેસો મુદ્દે ગવઈની મોટી ટિપ્પણી

# કામ વકીલ નથી કરવા ઈચ્છતા, દોષ અમારા ઉપર આવે છે

નવી દિલ્હી,

સુપ્રીપ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ૧૪ મેના રોજ શપથ લેનારા જસ્ટિસ બી આર ગવઈએ બુધવારે સુપ્રીમ કોર્ટના પેન્ડિંગ કેસો પર ચિંતા વ્યક્ત કરતાં વકીલો પર ગંભીર આરોપ લગાવ્યા હતા. પરંતુ પેન્ડિંગ કેસો માટે કોર્ટને દોષિત માનવામાં આવે છે. તમને જણાવી દઈએ કે, ન્યાયાધીશ બી આર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટીન જોર્જ મસીહની પીઠે ત્યારે ભડકી ઉઠી, જ્યારે એક વકીલે ઉનાળાના વેકેશન પછી અરજીની યાદી બનાવવા માટે અપીલ કરી હતી.

આ દરમિયાન CJI ગવઈએ કહ્યું, પાંચ જજોની રજાઓ દરમિયાન બેસી રહ્યા છે અને કામ કરવાનું ચાલુ રાખ્યું છે. તો પણ પેન્ડિંગ કેસોમાં અમને દોષિત માનવામાં આવે છે. હકીકતમાં વકીલો જ રજાઓ દરમિયાન કામ કરવા નથી ઈચ્છતા. નોંધનીય છે કે, હાલમાં જ સુપ્રીમ કોર્ટે એક જાહેરનામું બહાર પાડ્યું છે.

### જીડીપી ગ્રોથ ૬ ટકાથી વધુ રહેશે : રિસર્ચ રિપોર્ટ

# ભારતના અર્થતંત્રની ગાડી ગ્રોથના માર્ગે હોવાનો દાવો

### એસબીઆઈ રિસર્ચે રિપોર્ટમાં જણાવ્યું છે કે, વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં ભારતની અર્થવ્યવસ્થા મજબૂત

નવી દિલ્હી,

ભારતના અર્થતંત્રની ગાડી ગ્રોથના માર્ગે હોવાના જેપી મોર્ગનના રિપોર્ટ બાદ અન્ય ત્રણ રેટિંગ એજન્સીઓએ પણ સકારાત્મક સંકેતો આપ્યા છે. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ હોવા છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત પ્રદર્શન કરી રહ્યુ હોવાનું જણાવ્યું છે. એક રિપોર્ટમાં દેશનો જીડીપી ગ્રોથ અંદાજ વધારવામાં આવ્યો છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અનુસાર, ભારત એકમાત્ર મોટી અર્થવ્યવસ્થા છે, જેનો જીડીપી ગ્રોથ ૨૦૨૫માં ૬.૨-૬.૩ ટકા રહેવાનો અંદાજ છે. ભારતમાં ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રે ખાનગી વપરાશ વધવાની સંભાવના છે.




એસબીઆઈ રિસર્ચે રિપોર્ટમાં જણાવ્યું છે કે, વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં ભારતની અર્થવ્યવસ્થા મજબૂત બની છે. જાન્યુઆરીથી માર્ચ, ૨૦૨૫ના ત્રિમાસિકમાં ભારતનો જીડીપી ગ્રોથ ૬.૪ ટકા-૬.૫ ટકા રહેવાનો અંદાજ છે. એસબીઆઈના ગ્રૂપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર ડૉ. સૌમ્ય કાંતિ ઘોષે જણાવ્યું હતું કે, જો NSO પ્રથમ, બીજા, અને ત્રીજા ત્રિમાસિકના આંકડાઓમાં મોટો ફેરફાર ન કર્યો તો આપણો જીડીપી ગ્રોથ અંદાજ ૬.૩ ટકા રહેશે. ચોમાસુ સારૂ રહેવાની સંભાવના સાથે મોંઘવારીમાં ઘટાડો થવાની અપેક્ષા છે. જે માગ આધારિત ગ્રોથમાં વધારો કરશે. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેંક મોર્ગન સ્ટેન્લીએ અગાઉ ભારતનો જીડીપી ગ્રોથ અંદાજ ૨૦૨૫-૨૬માં ૬.૧ ટકા આપ્યો હતો. જે વધારી હવે ૬.૨ ટકા કર્યો છે. તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ગ્રોથ અંદાજ ૬.૩ ટકાથી વધારી ૬.૫ ટકા કર્યો છે. સ્થાનિક સ્તરે ભારતની અર્થવ્યવસ્થા મજબૂત સ્થિતિમાં છે. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ હોવા છતાં સ્થાનિક માગમાં વધારો થવાની શક્યતા છે. જે ગ્રોથ એન્જિનને વેગ આપશે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવૉરની ભીતિમાં ઘટાડો પણ ગ્રોથને ટેકો આપશે. ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીઝે પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે, અમેરિકાની ટેરિફ નીતિના કારણે ગ્લોબલ ટ્રેડમાં ઉથલ-પાથલ થઈ હોવા છતાં અન્ય દેશોની તુલનાએ ભારતની સ્થિતિ મજબૂત છે.

ભારતના સ્થાનિક માર્કેટમાં વિકસતી તકો અને નિકાસ પરની નિર્ભરતા ઘટાડો થતાં અર્થતંત્રને વેગ મળ્યો છે. ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલીમાં ભારત કરતાં પાકિસ્તાનની ઈકોનોમી વધુ પ્રભાવિત થઈ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સરકારના રોકાણથી ખાનગી વપરાશને પ્રોત્સાહન મળશે અને નબળી વૈશ્વિક માગથી ઈકોનોમીને સુરક્ષા મળશે.

## તંત્રી લેખ

### કેટલાક દેશોમાં કોરોનાના વધી રહેલા કેસથી ચિંતાનું મોજું

ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં કોવિડ-૧૯ના કેસ વધી રહ્યા છે. કેટલાક દેશોમાં કોરોનાના વધી રહેલા કેસથી ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ વખતે કોરોનાની ઘાતક અસર બ્રિટનમાં જોવા મળી રહી છે. અહીં કોવિડ-૧૯થી મૃતકોની સંખ્યા એક સપ્તાહમાં જ લગભગ બમણી થઈ ગઈ છે. બ્રિટન સરકારના તાજા આંકડા પ્રમાણે, એક સપ્તાહમાં ૧૦૧ લોકોના કોવિડ-૧૯થી મૃત્યુ થયા હતા. ડેથ સર્ટિફિકેટમાં પણ આ વાત લખવામાં આવી હતી. જે ગત સપ્તાહ કરતાં ૬૫ ટકા વધારે હતી. આ પહેલા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ૧૧૧ લોકોના મૃત્યુ થયા હતા. અચાનક કોરોના કેસ અને મૃત્યુમાં થઈ રહેલા વધારાથી લોકોની ચિંતા વધી ગઈ છે. હેલ્થ એક્સપર્ટ અનુસાર, ઓમિક્રોનનો સબ વેરિઅન્ટ જેએન.૧ આ પાછળ જવાબદાર છે. આ વેરિઅન્ટ વિશ્વના અનેક દેશોમાં ફેલાયો છે અને મુખ્ય સ્ટ્રેન બની ગયો છે. આ કારણે વિશ્વના અનેક દેશોમાં સંક્રમણ અને હૉસ્પિટલમાં દાખલ થનારા દર્દીની સંખ્યા વધી છે. માત્ર બ્રિટન જ નહીં એશિયાના અનેક દેશોમાં પણ કોરોનાના કેસ ફરી વધી રહ્યા છે. સિંગાપુરમાં કોરોનાના કેસ ૧૧,૧૦૦થી વધીને ૧૪,૨૦૦ પર પહોંચી ગયા છે. હૉસ્પિટલમાં દાખલ થનારા દર્દીની સરેરાશ સંખ્યા પણ ૧૦૨થી વધીને ૧૩૩ પર પહોંચી છે. થાઈલેન્ડમાં કોરોના કેસ ૩૩,૦૦૦ને પાર થઈ ગયા છે. સરકારે નાગરિકોને બૂસ્ટર ડોઝ લેવાની અપીલ કરી છે. હાલ કોરોનાના વધી રહેલા કેસને લઈ ગભરાવાની જરૂર નથી પરંતુ વાયરસના નવા રૂપ અને ઝડપથી વધતા કેસને લઈ સતર્ક રહેવાની જરૂર છે. હેલ્થ એજન્સીઓ સતત મોનિટરિંગ કરી રહી છે અને જરૂર હોય તો માસ્ક, હાથ ધોવા અને ભીડથી બચવા જેવી સાવધાની રાખવા જણાવી રહી છે. તાજેતરના દિવસોમાં ઘણી જાહેર હસ્તીઓનો પણ પોઝિટિવ ટેસ્ટ આવ્યો છે. અભિનેત્રી શિલ્પા શિરોડકરે સોમવારે ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી, ''મારો કોવિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. સુરક્ષિત રહો અને માસ્ક પહેરો!''SRH ના મુખ્ય કોચ ડેનિયલ વેટોરીએ પુષ્ટિ આપી કે હેડ ચેપને કારણે ટીમ સાથે મુસાફરી કરી શક્યા નથી પરંતુ ટૂંક સમયમાં પાછા ફરવાની અપેક્ષા છે.

વોટ્સએપ ચેટ આવી બહાર

# દેશદ્રોહી જ્યોતિ મલ્હોત્રાએ કહ્યું મારા લગ્ન પાકિસ્તાનમાં કરાવો

## હરિયાણાના યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે

ચંદીગઢ,

પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરાયેલા હરિયાણાના હિસારના યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રા વિશે દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. જેમ જેમ તપાસ અને પૂછપરછ આગળ વધે છે. જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ જ્યોતિ મલ્હોત્રા વિશે નવા સનસનાટીભર્યા ખુલાસા થઈ રહ્યા છે. હવે યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની પાકિસ્તાની ગુપ્તચર એજન્સીના અધિકારી સાથેની બીજી વોટ્સએપ ચેટ સામે આવી છે. હસન અલી જ્યોતિને કહે છે, ''મારા મિત્ર, મારું હૃદય હંમેશા તું ખુશ રહે તેવી પ્રાર્થના કરે છે. તું હંમેશા ખુશ અને ખુશ રહે, તારા જીવનમાં ક્યારેય કોઈ દુઃખનો સામનો ન કરવો પડે.'' આના પર જ્યોતિએ હસતા ઈમોજી સાથે હસનને કહ્યું, ''મારા લગ્ન પાકિસ્તાનમાં કરાવો.'' હરિયાણાના યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની પાકિસ્તાન માટે



જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. તપાસ એજન્સીઓ દરેક ખૂણાની તપાસ કરી રહી છે અને દરેક કડીને જોડી રહી છે જેથી સત્ય જાણી શકાય. જ્યોતિના મોબાઈલ ડિટેલ્સ અને વોટ્સએપ ચેટ્સની તપાસ કરવામાં આવી છે, જેમાં તપાસ એજન્સીઓને ઘણા મહત્વપૂર્ણ સંકેતો મળ્યા હોવાના અહેવાલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ એજન્સીઓને જ્યોતિ અને ISI હેન્ડલર અલી હસન વચ્ચે વોટ્સએપ ચેટ મળી આવી છે. આ ચેટમાં 'પ્રોટોકોલ' અને 'અંડરકવર એજન્ટ' જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચેટિંગ દરમિયાન, અલી હસને જ્યોતિ સાથે કોડ વર્ડ્સમાં વાત કરી. આ ઉપરાંત, નવી ચેટમાં લગ્નનો મામલો પણ સામે આવ્યો છે. આ ચેટ પરથી સ્પષ્ટ થાય છે કે જ્યોતિનો પાકિસ્તાન સાથે કોઈ ભાવનાત્મક સંબંધ હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે જ્યોતિ પાકિસ્તાન ગુપ્તચર એજન્સીના અધિકારી અલી હસન સાથે સતત સંપર્કમાં હતી અને તેમની સાથે ઘણી વાતો કરતી હતી. જો પોલીસ સૂત્રોનું માનીએ તો, તપાસ દરમિયાન પોલીસને જ્યોતિના ૪ બેંક ખાતાઓ વિશે માહિતી મળી. એક બેંક ખાતામાં દુબઈથી થયેલા વ્યવહારની પણ જાણ થઈ છે. તપાસ એજન્સી હવે જ્યોતિના તમામ બેંક ખાતાઓની તપાસ કરી રહી છે અને જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેના ખાતામાં પૈસા ક્યાંથી આવી રહ્યા હતા.

કાર્યક્રમને લઈ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે

# ગુજરાતમાં PM મોદીના કાર્યક્રમોમાં QR કોડ વિના પ્રવેશ મળશે નહિં

## સુરતમાં ભાજપના કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે એન.જી.ઓ. જે હાજર રહેવાના હોય તેઓને ઊઈ કોડ માટેની પ્રક્રિયા થઈ રહી છે

ગાંધીનગર,

આગામી દિવસોમાં ગુજરાતમાં વડાપ્રધાનનો કાર્યક્રમ થવા જઈ રહ્યો છે, તેમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં હાજર રહેનારાઓને QR કોડ આપવામાં આવી રહ્યાં છે. આ QR કોડ સ્કેન કરાયા બાદ જ કાર્યક્રમમાં એન્ટ્રી મળશે. સુરતમાં ભાજપના કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે એન.જી.ઓ. જે હાજર રહેવાના હોય તેઓને QR કોડ માટેની પ્રક્રિયા થઈ રહી છે. વડાપ્રધાનના કાર્યક્રમમાં હાજર રહેનારાની ઊઈ કોડ બાદ જ એન્ટ્રીની વાત સુરતમાં ચર્ચાનો વિષય બની છે. ઓપરેશન સિંદૂર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલી વાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત મુલાકાત દરમિયાન અમદાવાદ, દાહોદ, ભૂજમાં કાર્યક્રમોમાં હાજરી આપી શકે છે. આ કાર્યક્રમમાં સુરત પાલિકાના ૫૦૦ કરોડથી વધુના પ્રકલ્પોના લોકાર્પણ અને ખાત મુર્હૂત કરવામાં આવશે. જેમાં ૧૫૦ કરોડના બાયોડાયવર્સીટી પાર્કનો સમાવેશ થાય છે.

વડાપ્રધાનના આ કાર્યક્રમમાં સુરતથી ૧૪૦૦ લોકો જાય તેવો અંદાજ કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં ભાજપના કોર્પોરેટરો , શહેરના હોદ્દેદારો, વોર્ડના પ્રમુખ, માજી પ્રમુખ સાથે શહેરના એન.જી.ઓના સભ્યો, તબીબ અને સી.એ. જેવાને હાજર રાખવા માટે કવાયત શરૂ થઈ રહી છે. જોકે, જેમને અપેક્ષિત હોય તેવાને QR કોડ જનરેટ કરવામાં આવી રહ્યાં છે. ભાજપના ગ્રુપમાં ઊઈ કોડ માટે સુચના આપવામાં આવી છે. જેમનું રજીસ્ટ્રેશન થાય છે, પરંતુ QR કોડ જનરેટ નથી થતો તેના માટે ટેકનિકલ સર્પોટ પણ આપવામાં આવી રહ્યો છે. ભાજપમાં એવી ચર્ચા ચાલી રહી છે કે વડા પ્રધાનનો કાર્યક્રમ હોય તેમાં મોટી મેદની ભેગી કરવા માટે બસ અને અન્ય વાહનોનો ઉપયોગ થતો હોય છે. તેમાં કોણ આવે છે તે પણ જોવામાં આવતું નથી. પરંતુ પહેલી વાર ભાજપના જ કોર્પોરટેરો, હોદ્દેદારો સાથે નાગરિકો પણ છે તેઓને ઊઈ કોડ આપવામાં આવી રહ્યાં છે તે નવાઈની વાત છે. જેનો ઊઈ કોડ સ્કેન થશે તેમને જ કાર્યક્રમ સ્થળે એન્ટ્રી મળશે, તેમ હોવાથી હવે ક્યુઆર કોડ જનરેટ કરાવવા માટે દોડધામ થઈ રહી છે.

રાન્યા રાવ ગોલ્ડ સ્મગલિંગ કેસ સાથે કનેક્શન

# કર્ણાટકના ગૃહમંત્રીની હોસ્પિટલ પર EDની રેડ

## શરતોનું ઉલ્લંઘન થવામાં જામીન રદ થઈ શકે છે

બેંગલુરુ

કન્નડ ફિલ્મ અભિનેત્રી રાન્યા રાવ સાથે જોડાયેલા સોનાની દાણચોરી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં EDએ દરોડા પાડ્યા છે. તપાસ એજન્સીની ટીમે કર્ણાટકના ગૃહમંત્રી પરમેશ્વરની હોસ્પિટલની તપાસ કરી છે. તપાસ દરમિયાન, ED ને HMG પરમેશ્વર સાથે સંકળાયેલ રાન્યા રાવ અને સિદ્ધાર્થ મેડિકલ કોલેજ વચ્ચે પૈસાના વ્યવહારો મળ્યા. EDની ટીમ હોસ્પિટલના નાણાકીય રેકોર્ડની તપાસ કરી રહી છે.

તાજેતરમાં, સોનાની દાણચોરીના કેસમાં મુખ્ય આરોપી રાન્યા રાવ અને સહ-આરોપી તરુણ કોંડારુ રાજુને સ્પેશિયલ કોર્ટ (આર્થિક ગુના) તરફથી જામીન મળ્યા છે. જસ્ટિસ વિશ્વનાથ સી. ગૌડરે બંનેને જામીન આપતા પોતાના આદેશમાં બે શરતો પણ લાદી છે. આ મુજબ, બંને દેશ છોડી શકતા નથી અને ફરીથી આવો ગુનો કરી શકતા નથી. આ શરતોનું ઉલ્લંઘન થવાના કિસ્સામાં જામીન રદ કરવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે. જોકે, જામીન મળ્યા પછી પણ, રાન્યા રાવને હજુ સુધી મુક્ત કરવામાં નથી આવી. તેની સામે ફોરેન એક્સચેન્જ કન્ઝર્વેશન એન્ડ પ્રિવેન્શન ઓફ સ્મગલિંગ એક્ટિવિટીઝ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં, જ્યાં સુધી તેને આ કેસમાં જામીન નહીં મળે ત્યાં સુધી તેને જેલમાંથી મુક્ત કરવામાં આવશે નહીં. ડીઆરઆઈ અધિકારીઓએ હજુ સુધી તેમની વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી નથી. કન્નડ અભિનેત્રી રાન્યા રાવની ૩ માર્ચે બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૪.૮ કિલો સોના સાથે ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ મોટી કાર્યવાહી કરી હતી. રાન્યાની સાથે સોનાના વેપારીઓ સાહિલ જૈન અને તરુણ રાજુની પણ બેંગલુરુથી ધરપકડ કરવામાં આવી હતી. સાહિલે દાણચોરી કરેલા પૈસાનો નિકાલ કરવામાં મદદ કરી હતી. તે કર્ણાટકના બલ્લારીનો રહેવાસી છે.

રાન્યા રાવ કર્ણાટકના વરિષ્ઠ પોલીસ અધિકારી કે રામચંદ્ર રાવની સાવકી પુત્રી છે. પૂછપરછ બાદ, તેમના નિવાસસ્થાને દરોડો પાડવામાં આવ્યા હતા, જ્યાંથી ૨.૦૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના અને ૨.૬૭ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ કેસમાં હોટલ ઉદ્યોગપતિ તરુણ રાજુ પર સોનાની દાણચોરીમાં રાન્યા રાવને મદદ કરવાનો આરોપ છે. ડીઆરઆઈને શંકા છે કે આ સોનાની દાણચોરી કરતી સંગઠિત ગેંગ હોઈ શકે છે.

પાકિસ્તાનને ફરી એક મોટો ઝટકો

# બલુચીઓએ સૈનિકોથી ભરેલી બસને ઉડાવી દીધી

બલુચિસ્તાન

પાકિસ્તાનમાં આસીમ મુનીરના પ્રમોશનના બીજા જ દિવસે તરત જ બલુચિસ્તાનમાં એક મોટો હુમલો થયો છે. બલુચિસ્તાનના ખુઝદાર ઝીરો પોઈન્ટ પાસે એક મોટો વિસ્ફોટ થયો છે. બલૂચ બળવાખોરોએ દાવો કર્યો છે કે, તેમણે પાકિસ્તાની સેનાની બસને નિશાન બનાવી હતી. આ બસ એક લશ્કરી કાફલાનો ભાગ હતી, જે કેન્ટ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી. સ્થાનિક લોકો અને સૂત્રોનું કહેવું છે કે, આ વિસ્ફોટમાં ઘણા સૈનિકો માર્યા ગયા અને ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જોકે, હજુ સુધી સત્તાવાર રીતે મૃતકોની સંખ્યાની પુષ્ટિ થઈ નથી. વિસ્તારમાં તણાવ વધી ગયો છે અને સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે. બલૂચ બળવાખોરોએ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. જોકે, બીજી તરફ બુધવાર, ૨૧ મેના રોજ બલુચિસ્તાનના કુઝદારમાં એક સ્કૂલ બસ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૫ લોકોના મોત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ૪ બાળકોનો સમાવેશ થાય છે. એપી અધિકારીઓએ સમાચાર એજન્સી PTIને જણાવ્યું હતું કે, અશાંત દક્ષિણપશ્ચિમ પાકિસ્તાનમાં એક સ્કૂલ બસને નિશાન બનાવીને કરાયેલા આત્મઘાતી કાર બોમ્બ હુમલામાં ચાર બાળકો માર્યા ગયા અને ૩૮ ઘાયલ થયા, હાલમાં આ હુમલો કોણે કર્યો તે અંગે કોઈ માહિતી બહાર આવી નથી. પાકિસ્તાને હાર છતાં અસીમ મુનીરને પ્રમોશન આપ્યા બાદ, બળવાખોરોએ આ હુમલો કર્યો છે. પાકિસ્તાન દ્વારા અસીમ મુનીરને ફિલ્ડ માર્શલ બનાવવામાં આવ્યા છે. મુનીર પાકિસ્તાનના બીજા ફિલ્ડ માર્શલ છે. જોકે, નિષ્ણાતો તેને બળવાના સંકેત તરીકે જોઈ રહ્યા છે. તે લોકશાહી વ્યવસ્થા પર લશ્કરી શાસન મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, જેનો ફાયદો આખરે ચીનને થશે. નિષ્ણાતો માને છે કે, મુનીરની ધાર્મિક રાષ્ટ્રવાદમાં શ્રદ્ધા અને આતંકવાદીઓ સાથેના તેના સંબંધો પાકિસ્તાન પર તેની પકડ મજબૂત બનાવશે. આ પહેલા સોમવારે પણ બલુચિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. બલુચિસ્તાન પ્રાંતના એક બજાર પાસે થયેલા બોમ્બ વિસ્ફોટમાં ચાર લોકોના મોત થયા છે અને ૨૦ લોકો ઘાયલ થયા છે. રવિવારે બલુચિસ્તાનના કિલ્લા અબ્દુલ્લા જિલ્લામાં જબ્બર બજાર નજીક આ વિસ્ફોટ થયો હતો.

CPEC પ્રોજેક્ટનો અફઘાનિસ્તાન સુધી વિસ્તાર કરશે ચીન

# પાકિસ્તાન અને તાલિબાન સરકાર સાથે કર્યા ત્રિપક્ષીય કરાર

## બેઠકમાં ત્રણેય વિદેશ મંત્રીઓએ ક્ષેત્રીય સુરક્ષા અને આર્થિક કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે ત્રિપક્ષીય સહયોગને મહત્ત્વપૂર્ણ ગણાવ્યો

બીજિંગ

ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના ટોચના નેતાઓએ ત્રિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા અને ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)ને અફઘાનિસ્તાન સુધી એક્સપેન્ડ કરવા પર સહમતિ દર્શાવી છે. તેનું એલાન પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડાર, ચીનના વિદેશ મંત્રી વાંગ યી અને અફઘાનિસ્તાનના કાર્યવાહક વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી વચ્ચે થયેલી એક અનૌપચારિક ત્રિપક્ષીય બેઠક બાદ કરાયું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર બીજિંગના ત્રણ દિવસના પ્રવાસ પર છે. આ ભારત દ્વારા પાકિસ્તાન અને તેના કબજા વાળા કાશ્મીર (PoK)માં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવનારા ઓપરેશન સિંદૂર બાદ ઈશાક ડારનો પહેલો ઉચ્ચસ્તરીય પ્રવાસ છે. બેઠકમાં ત્રણેય વિદેશ મંત્રીઓએ ક્ષેત્રીય સુરક્ષા અને આર્થિક કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે ત્રિપક્ષીય સહયોગને મહત્ત્વપૂર્ણ ગણાવ્યો. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે ચીન અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીઓ સાથે મીટિંગની પોતાની પહેલી તસવીર શેર કરતા સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, પાકિસ્તાન, ચીન અને અફઘાનિસ્તાન ક્ષેત્રીય શાંતિ, સ્થિરતા અને વિકાસ માટે એક સાથે ઉભા છે. તેમના કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવાયું છે કે, તેમણે (ત્રણેય નેતાઓએ) ડિપ્લોમેટિક એન્ગેજમેન્ટ, ત્રણેય દેશો વચ્ચે કોમ્યુનિકેશન વધારવા અને ટ્રેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટની દિશામાં પગલું ભરવા પર ચર્ચા કરી. નિવેદનમાં કહેવાયું છે કે, તેઓ બેલ્ટ એન્ડ ઈનિશિએટિવ (BRI) સહયોગને ગાઢ કરવા અને ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)ને અફઘાનિસ્તાન સુધી વિસ્તારિત કરવા પર સહમત થયા. પાકિસ્તાની વિદેશ મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ વાત પર સહમતિ સધાઈ કે છઠી ત્રિપક્ષીય વિદેશ મંત્રીઓની બેઠક કાબુલમાં ટુંક સમયમાં જ કરવામાં આવશે, પરંતુ તેની તારીખ હજુ સુધી નક્કી કરાઈ નથી. CPEC પરિયોજના લગભગ ૬૦ બિલિયન ડોલરની છે અને ભારતે તેનો આકરો વિરોધ કર્યો છે, કારણ કે આ કોરિડોર પાકિસ્તાનના કબજા વાળા કાશ્મીર (PoK)ના રસ્તેથી પસાર થાય છે. ભારત તેને પોતાની સંપ્રભુતાનું ઉલ્લંઘન માને છે. તેમ છતા ચીન અને પાકિસ્તાન અફઘાનિસ્તાનને આ કોરિડોરથી જોડવાના પ્રયાસમાં છે.

દિલ્હી પોલીસે સીરિયલ કિલર ડૉક્ટરને પકડ્યો

# ૫૦થી વધુ ટેક્સી ચાલકોની હત્યા કરી મગરને ખવડાવી દીધા

## દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ટેક્સી ચાલકોની હત્યા કરી મગરોને ખવડાવનારા સીરિયલ કિલર આયુર્વેદિક ડૉક્ટરની ધરપકડ કરી

નવી દિલ્હી

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ટેક્સી ચાલકોની હત્યા કરી મગરોને ખવડાવનારા સીરિયલ કિલર આયુર્વેદિક ડૉક્ટરની ધરપકડ કરી છે. ગુનાઈત જગતમાં તેને 'ડૉક્ટર ડેથ'ના નામે ઓળખવામાં આવે છે. પોલાસીના હાથે ચઢેલા આરોપી દેવેન્દ્ર શર્મા પર હત્યા સિવાય કિડની રેકેટમાં પણ સામેલ હોવાનો આરોપ છે. આરોપો અનુસાર, તેણે દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ૫૦થી વધુ ટેક્સી ચાલકોની હત્યા સિવાય ૧૯૯૪થી ૨૦૦૪ વચ્ચે ગેરકાયદે રૂપે ૧૨૫થી વધુ કિડની ટ્રાન્સપ્લાંટ કરવાનો પણ આરોપ છે. દેવેન્દ્ર શર્મા પેરાલ લઈને ફરાર થયા બાદ રાજસ્થાનના દૌસાના એક આશ્રમમાં પુજારી બનીને રહેતો હતો. પોલીસ આરોપી સાથે પૂછપરછ કરીને તેના નેટવર્કની તપાસ કરી રહી છે. ગુનેગાર ૬૭ વર્ષીય દેવેન્દ્ર શર્મા મૂળ ઉત્તર પ્રદેશના અલીગઢનો રહેવાસી છે. તેની સામે હત્યા, અપહરણ, લૂંટ સહિત ૨૭ કેસ દાખલ છે અને તેને દિલ્હી, રાજસ્થાન અને હરિયાણામાં સાત અલગ-અલગ મામલે આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી. ગુડગાંવની કોર્ટે ટેક્સી ચાલકની હત્યાના મામલે તેને મોતની સજા સંભળાવી હતી. તેણે ૫૦થી વધારે લોકોની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. ગુનાઓના સાર્વજનિક થયા બાદ તેણે ૨૦૦૪માં પોતાની પત્ની અને બાળકોને છોડી દીધા હતા. તે વર્ષ ૨૦૨૩માં તિહાડ જેલથી પેરોલ મળ્યા બાદ ફરાર થઈ ગયો હતો, ત્યારથી પોલીસ તેની તપાસ કરી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચે અલીગઢ, આગ્રા, પ્રયાગરાજ, જયપુર અને દિલ્હીમાં તેના ઠેકાણા તેમજ નેટવર્ક પર નજર રાખી રહી હતી. પોલીસને બાતમી મળી હતી કે, દેવેન્દ્ર શર્મા રાજસ્થાનના દૌસા સ્થિત એક આશ્રમમાં પુજારીના રૂપે સંતાયેલો છે. SP ઉમેશ બડથવાલની ટીમે યોજના હેઠળ રાજસ્થાનના દૌસા સ્થિત આશ્રમમાં અનુયાયી હોવાનો ડોળ કરી આરોપીની મુલાકાત કરી છે. આ સુનિશ્ચિત કરવા માટે તેના પર નજર રાખવામાં આવી કે, તે ડૉ. દેવેન્દ્ર શર્મા છે કે નહીં. પુષ્ટિ થયા બાદ ટીમે તેને ઝડપી પાડ્યો અને પૂછપરછમાં આરોપીએ પોતાના ગુનાઈત ભૂતકાળની કબૂલાત કરી અને સ્વીકાર કર્યો કે, તે ક્યારેય જેલમાં પરત ન ફરવા માટે ઈરાદાથી પેરોલ પર બહાર આવ્યો હતો. ઉત્તર પ્રદેશના અલીગઢ નિવાસી આરોપી દેવેન્દ્ર શર્માના પિતા બહિરાના સિવાનમાં એક દવાની કંપનીમાં કામ કરતા હતા. ૧૯૮૪માં શર્માએ બિહારથી બેચલર ઑફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (BAMS)ની ડિગ્રી હાંસલ કરી. સ્નાતક થયા બાદ રાજસ્થાનના બાંદીકુઈમાં જનતા ક્લિનિક ખોલ્યું હતું, જેને ૧૧ વર્ષ સુધી ચલાવવામાં આવ્યું.

# યશવંત વર્મા વિરૂદ્ધ FIR નોંધવાની માગ કરતી અરજી ફગાવી દેવાઈ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે પૂર્વ જસ્ટિસ યશવંત વર્મા વિરૂદ્ધ એફઆઈઆર નોંધવાની માગ કરતી અરજી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, અરજદારોએ અરજી દાખલ કરતાં પહેલાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સામે આ સંદર્ભે કોઈ પણ પ્રકારનું આવેદન આપ્યું નથી. જેને ધ્યાનમાં લેતાં આ અરજી પર કોઈ સુનાવણી કરી શકાય નહીં.

જસ્ટિસ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભુઈયાની બેન્ચે જણાવ્યું હતું કે, અરજદારોએ અરજી કરતાં પહેલાં આ મામલો યોગ્ય ઓથોરીટી સમક્ષ ઉઠાવવો જોઈએ. ત્યારબાદ કોર્ટના દ્વાર ખટખટાવવા જોઈએ. આ મામલે ઈન-હાઉસ તપાસ રિપોર્ટ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને મોકલી દેવામાં આવ્યો છે. અરજદાર વકીલ નેદુમપારાએ કોર્ટને જણાવ્યું કે, મોટાપ્રમાણમાં બેનામી રોકડ મળી આવવી એ ભારતીય ન્યાય સંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ એક ગંભીર ગુનો છે. પોલીસે આ મામલે આરોપી વિરૂદ્ધ એફઆઈઆર નોંધવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, નેદુમપારાએ અગાઉ પણ આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. પરંતુ તે સમયે પણ કોર્ટે આ કેસ તપાસ સમિતિ સમક્ષ પેન્ડિંગ હોવાથી અરજી ફગાવી દીધી હતી. હવે તપાસ સમિતિએ પોતાનો રિપોર્ટ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને સોંપી દીધા બાદ નેદુમપારા ફરી સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતાં. ઈનહાઉસ તપાસ સમિતિએ જસ્ટિસ વર્માને દોષિત ઠેરવ્યા હતાં. ત્યારબાદ પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સંજીવ ખન્નાએ તેમને રાજીનામું આપવા કહ્યું હતું. પરંતુ જસ્ટિસ વર્માએ રાજીનામું આપવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ વર્માને દિલ્હીથી અલ્લાહબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતાં. અને આ મામલે રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાનને પત્ર પણ લખ્યો હતો. જસ્ટિસ યશવંત વર્માના ઘરે ૧૪ માર્ચના રોજ અચાનક આગ લાગતાં ફાયરબ્રિગેડ બચાવ કામગીરીમાં જોડાઈ હતી. તે સમયે સરકારી આવાસના સ્ટોરરૂમમાં આગ લાગ્યા બાદ મોટાપ્રમાણમાં રોકડ મળી વી હતી.

ધોનીએ યુવા ક્રિકેટરોને આપ્યો ગુરુમંત્ર

# અપેક્ષાઓ વધવા પર પોતાના પર દબાણ ન લાવવું : ધોની

## વૈભવ અને આયુષ મ્હાત્રે સહિત તમામને સલાહ આપી

નવી દિલ્હી

IPL 2025 ચેન્નઈ સુપર કિંગ્સ અને મહેન્દ્ર સિંહ ધોની માટે ખૂબ જ ખરાબ રહી. ૫ વખતની ચેમ્પિયન ટીમ IPL પોઈન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને છે. મંગળવારે રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં મહેન્દ્ર સિંહ ધોનીએ ૧૭ બોલમાં ૧૬ રન બનાવ્યા હતા. મેચ બાદ તેણે IPLમાં પોતાના પ્રદર્શનથી પ્રભાવિત કરનારા યુવા ભારતીય બેટ્સમેનોને ૨૦૦+ ના સ્ટ્રાઈક રેટથી કેવી રીતે બેટિંગ કરવી તેનો ગુરુમંત્ર આપ્યો.

ધોનીએ વૈભવ સૂર્યવંશી અને આયુષ મ્હાત્રે સહિત તમામ યુવા બેટ્સમેનોને સલાહ આપી કે અપેક્ષાઓ વધવા પર પોતાના પર દબાણ ન લાવવું. થાલાએ દબાણ હેઠળ પણ સાતત્ય જાળવવા અને શાંત રહેવાના મહત્વ પર ભાર મૂક્યો. તેણે કહ્યું કે જો તમે તમારી સંપૂર્ણ ક્ષમતાનો અનુભવ કરવા માગતા હોય, તો તમારે આ કરવું પડશે. મેચ પછી CSKના કેપ્ટને કહ્યું કે, તમારે સાતત્ય માટે પ્રયાસ કરવો જોઈએ, પરંતુ જો તમે ૨૦૦+ નો સ્ટ્રાઈક રેટ ઈચ્છતા હોવ તો સાતત્ય



જાળવી રાખવું મુશ્કેલ બનશે. તમારી પાસે કોઈપણ પરિસ્થિતિમાં છગ્ગા ફટકારવાની ક્ષમતા છે. જ્યારે તમારી પાસેથી અપેક્ષાઓ વધી જાય ત્યારે પ્રેશર ન લેવું. સિનિયર ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફ પાસેથી શીખો, આ બધું ગેમને સમજવા સાથે જોડાયેલું છે. મારી આ તમામ યુવાનોને સલાહ છે જેમણે સારું પ્રદર્શન કર્યું છે. ૪૩ વર્ષીય મહેન્દ્ર સિંહ ધોનીએ મંગળવારની મેચમાં ૧૭ બોલમાં ૧૬ રન બનાવ્યા હતા. આ નાની ઈનિંગમાં તેણે માત્ર એક જ બાઉન્ડ્રી ફટકારી હતી. ધોનીએ આ IPLમાં અત્યાર સુધી ૧૩ મેચમાં ૧૯૬ રન બનાવ્યા છે. તેનો સ્ટ્રાઈક રેટ ૧૩૫.૧૭ છે. મંગળવારની મેચમાં ઝ્જીદ્ધ એ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૮૭ રન બનાવ્યા હતા. યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રેએ ૨૦ બોલમાં ૪૩ રનની ઈનિંગ રમી. જવાબમાં રાજસ્થાને ૧૮મી ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

આ વાતનો ખુલાસો ખુદ અનુષ્કાએ કર્યો હતો

# લગ્ન પછી અનુષ્કા-વિરાટ માત્ર ૨૧ દિવસ સાથે રહ્યા

## વિરાટ-અનુષ્કા શર્માએ વર્ષ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા એક પ્રાઈવેટ સેરેમની લગ્નના બંધનમાં બંધાયા હતા

મુંબઈ,

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી અને બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા પાવર કપલ્સ માનવામાં આવે છે. બંને હંમેશા સાથે જોવા મળે છે અને જાહેરમાં એકબીજા પ્રત્યે પ્રેમ વ્યક્ત કર્યા કરતા જોવા મળે છે. હાલમાં જ વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિની જાહેરાત કરતાં અનુષ્કા શર્માએ તેના પતિ માટે એક પ્રેમ ભરેલી પોસ્ટ કરી હતી. ત્યારે હવે અનુષ્કાનો એક ઈન્ટરવ્યૂ ઘણો ચર્ચામાં છે, જેમાં અભિનેત્રી તેના લગ્નજીવન વિશે વાત કરી છે. , હંમેશા સાથે જોવા મળતા આ કપલે લગ્ન પછીના પહેલા ૬ મહિનામાં ફક્ત ૨૧ દિવસ જ એકબીજા સાથે વિતાવ્યા. આ વાતનો ખુલાસો ખુદ અનુષ્કાએ કર્યો હતો. વિરાટ કોહલી અને અનુષ્કા શર્માએ ૩ વર્ષની ડેટિંગ પછી ૨૦૧૭માં લગ્ન કર્યા હતા. બંને એક પ્રાઈવેટ સેરેમની લગ્નના બંધનમાં બંધાયા હતા. ત્યારે એક ઈન્ટરવ્યૂમાં અનુષ્કા શર્માએ વિરાટ કોહલી સાથેના તેના સંબંધો વિશે વાત કરી.

આ દરમિયાન, તેણે જણાવ્યું હતું કે- લગ્નના પહેલા છ મહિના દરમિયાન, વિરાટ અને તે ફક્ત ૨૧ દિવસ સાથે રહ્યા હતા. જ્યારે હું વિરાટને મળવા જાઉં છું અથવા તે મને મળવા આવે છે, ત્યારે લોકો ધારે છે કે તે વેકેશન પર છે, પરંતુ એવું નથી. તે માણસ હંમેશા કામ કરતો રહે છે. અમારા લગ્નના પહેલા છ મહિના દરમિયાન અમે ૨૧ દિવસ સાથે રહ્યા. મેં બધી ગણતરીઓ કરી. તેથી જ્યારે હું તેને વિદેશમાં મળવા જાઉં છું, ત્યારે વેકેશન માટે નહિ પણ એક ટાઈમ સાથે જમવાના આગ્રહથી જાઉં છું. આ અમારો ખૂબ જ કિંમતી સમય છે. આ દરમિયાન વિરાટે અનુષ્કા સાથેના બોન્ડ વિશે પણ વાત કરી. તેણે કહ્યું- અમે દરરોજ એકબીજાને પ્રેમ કરીને જીવીએ છીએ. અમારો સંબંધ હંમેશા પ્રેમ અને ફક્ત પ્રેમ વિશે રહ્યો છે. અમને એવું લાગે છે કે અમે એકબીજાને થોડા વર્ષોથી નહીં, પણ સદીઓથી ઓળખીએ છીએ. વિરાટ આગળ કહે છે કે- તેણે મને જીવનમાં એક નવો રસ્તો આપ્યો છે. હું તેને મળ્યો તે પહેલાં હું એટલો સમજદાર કે વ્યવસ્થિત નહોતો. તેણે મને એક સારો વ્યક્તિ બનાવ્યો છે અને હું મારી સૌથી અદ્ભુત સ્ત્રી સાથે મારું જીવન વિતાવીને ધન્ય અનુભવું છું.



ભારતીય વાયુ સેનાના સાઉથ-વેસ્ટર્ન એર કમાન્ડના નવા વરાયેલા એર ઑફિસર એર માર્શલ નગેશ કપૂરે આજે રાજભવન, ગાંધીનગરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી શુભેચ્છા મુલાકાત લીધી હતી.

વક્ફ કાયદા અંગે સુપ્રીમ કોર્ટમાં સરકારનો જવાબ

# અરજદારો સમગ્ર મુસ્લિમ સમુદાયનું પ્રતિનિધિત્વ નથી કરતાં

## મહત્ત્વપૂર્ણ સુનાવણીમાં કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મજબૂત રીતે કાનૂની પક્ષ રજૂ કર્યો

નવી દિલ્હી

વક્ફ સુધારા કાયદા પર સુપ્રીમ કોર્ટમાં બીજા દિવસની સુનાવણી બુધવારે શરૂ થઈ. આ મહત્ત્વપૂર્ણ સુનાવણીમાં કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મજબૂત રીતે કાનૂની પક્ષ રજૂ કર્યો. સરકાર તરફથી કોર્ટને જણાવવામાં આવ્યું કે, વક્ફ કાયદામાં ફેરફારો અંગે વ્યાપક ચર્ચા અને સલાહ સૂચન કરવામાં આવ્યું છે. તુષાર મહેતાએ સ્પષ્ટતા કરી કે અરજદારો સમગ્ર મુસ્લિમ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા નથી. તેમણે કહ્યું કે, આ વિષય પર ૯૭ લાખથી વધુ લોકો તરફથી સૂચનો મળ્યા હતા, અને વિવિધ સ્તરે મીટિંગોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં આ સુધારાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. એસજીએ જણાવ્યું હતું કે, ૨૫ વક્ફ બોર્ડ પાસેથી અભિપ્રાય લેવામાં આવ્યો હતો, જેમાંથી કેટલાકે રુબરુમાં આવીને તેમનો અભિપ્રાય રજૂ કર્યો હતો. આ ઉપરાંત રાજ્ય સરકારો સાથે પણ સલાહ-સૂચન કરાયું હતું. તુષાર મહેતાએ કહ્યું કે, સુધારાના દરેક કલમ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કેટલાક સૂચનો સ્વીકાર કરવામાં આવ્યા હતા, જ્યારે કેટલાક નથી સ્વીકારાયા. સુનાવણી દરમિયાન જસ્ટિસ બીઆર ગવઈએ સવાલ ઉઠાવ્યો હતો કે, તેમની દલીલ એ છે કે આ મામલે સરકાર પોતે પોતાનો દાવો નક્કી કરશે? આ અંગે એસ.જી. મહેતાએ કહ્યું, એ સાચું છે કે સરકાર પોતાના દાવા અંગે પુષ્ટિ નથી કરી શકતી. શરૂઆતના બિલમાં કહેવામાં આવ્યું હતું કે, કલેક્ટર નિર્ણય લેશે. વાંધો એ હતો કે કલેક્ટર પોતાના કેસમાં ન્યાયાધીશ રહેશે.એટલે જેપીસીએ સૂચન કર્યું કે, કલેક્ટર સિવાય અન્ય કોઈને નિયુક્ત અધિકારી બનાવવો જોઈએ. તેમણે સ્પષ્ટતા કરી કે, મહેસૂલ અધિકારીઓ માત્ર રેકોર્ડ માટે નિર્ણયો લે છે અને ટાઈટલને અંતિમ સ્વરૂપ આપતા નથી. SG મહેતાએ કહ્યું, સરકાર બધા નાગરિકો માટે જમીનના ટ્રસ્ટી તરીકે રાખે છે. વક્ફ ઉપયોગ પર આધારિત છે, એટલે કે જમીન કોઈ બીજાની છે, પરંતુ યુઝર લાંબા સમયથી તેનો ઉપયોગ કર્યો છે. ત્યારે જરુરી છે કે, તે ખાનગી અથવા સરકારી મિલકત હોય. જો કોઈ ઈમારત સરકારી જમીન પર હોય, તો શું સરકાર તપાસ ન કરી શકે કે, આ મિલકત તેમની છે કે નહીં? આ જોગવાઈ કલમ 3(C) હેઠળ કરવામાં આવી છે.

દેશની સૌથી મોટી બેંક RBI આપી શકે છે મોટી ભેટ

# હોમ લોન અને કાર લોન લેનારા ગ્રાહકોને રાહત મળી શકે છે

## એક્સપર્ટનું માનવું છે કે ઓગસ્ટ મહિના સુધીમાં રેપો રેટમાં હજુ પણ ઘટાડો જોવા મળી શકે છે

નવી દિલ્હી,

હોમ લોન અને કાર લોન લેનારા ગ્રાહકોને આવનારા સમયમાં મોટી રાહત મળી શકે છે. જણાવી દઈએ કે મોંઘવારીમાં નરમી જળવાઈ રહેવાના અંદાજથી માર્કેટ પર નજર રાખતા એક્સપર્ટ્સનું માનવું છે કે જલ્દી જ પ્રમુખ દરોમાં ઘટાડો થવાનું શરુ થઈ શકે છે. આશા છે કે ઓગસ્ટ સુધીમાં રિઝર્વ બેન્ક બે વખત દરોમાં ઘટાડો કરી શકે છે. સેન્ટ્રલ બેંકે આ પહેલાં એપ્રિલની પોલિસી સમીક્ષામાં દરોમાં બે ચતુર્થાંશ કપાત કરી હતી. ગાલ પોલિસી રેપો રેટ ૬ ટકાએ છે. એક્સિસ બેન્કના ગ્રુપ એક્ઝિક્યુટિવ અને ટ્રેઝરી, માર્કેટ્સ એન્ડ હોલસેલ બેન્કિંગ પ્રોડક્ટ્સ પ્રમુખ નીરજ ગંભીરનું માનવું છે કે, આખું વર્ષ મોંઘવારી દર ભારતીય રિઝર્વ બેન્કના ટાર્ગેટથી નીચે રહી શકે છે, જેનાથી વ્યાજ દરોમાં વધુ કપટ થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે જૂનમાં પહેલી અને ઓગસ્ટમાં બીજી કપટ થઈ શકે છે, જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે એવું કહેવું કે આ દરમિયાન દરોમાં ૧૦૦ બેસીસ પોઈંટ્સનો ઘટાડો થશે, તે ઉતાવળ હશે. જોકે, હાલ લાગી રહ્યું છે કે આગામી બે વખતમાં ૫૦ બેસીસ પોઈંટ્સનો ઘટાડો થઈ શકે છે. તેમના અનુસાર હાલ મોંઘવારી દરને જોતાં અને માર્કેટ પણ આગામી બે મહિનામાં ૫૦થી ૭૫ બેસીસ પોઈંટ્સના ઘટાડાની આશા રાખે છે. તો ICICI સિક્યોરિટીઝ પીડીના અભિષેક ઉપાધ્યાયે પણ દરોમાં બે વખત ઘટાડાની શક્યતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે મોંઘવારીના વર્તમાન સ્તરને ધ્યાનમાં રાખીને વધુ દર ઘટાડો થાય તેવી શક્યતા છે, પરંતુ RBI કદાચ સતર્ક રહી શકે છે. એક્સપર્ટ્સ આશા રાખે છે કે રિઝર્વ બેંક દરોને ૫.૫૦ ટકા સુધી ઘટાડી શકે છે. રેપો રેટમાં ઘટાડો થવાના કારણે લોન સસ્તી થશે અને લોન લેનારાઓની EMI ઘટવાથી તેમનો બોજ ઘટશે. તેમજ ઈન્ડસ્ટ્રીઝને પણ ફાયદો થશે, કારણ કે સસ્તી લોનને કારણે માંગ વધશે. સામાન્ય રીતે રિયલ્ટી અને ઓટો જેવા સેક્ટર્સને રેટ્સ ઘટવાથી ફાયદો થાય છે. જોકે, રેપો રેટમાં ઘટાડો થવાના કારણે FD વગેરેના વ્યાજમાં પણ ઘટાડો થવાની શક્યતા વધશે.

ટીમે ભાવુક થઈને આપી શ્રદ્ધાંજલિ

# કપિલ શર્મા શોના એશોસિયેટ ફોટોગ્રાફર દાસ દાદાનું નિધન

મુંબઈ

કોમેડિયન અને અભિનેતા કપિલ શર્મા વર્ષોથી તેમના શૉ દ્વારા લોકોનું મનોરંજન કરી રહ્યા છે. તેમના શૉમાં ઘણા કલાકારો વર્ષોથી જોડાયેલા છે. કેટલાક કલાકારો પડદા પાછળ કામ કરે છે તો, કેટલાક પડદા સામે કામ કરી રહ્યા છે. આવા જ એક વ્યક્તિ દાસ દાદા એટલે કે કૃષ્ણ દાસ હતા, જે ઘણા વર્ષોથી કપિલ શર્મા શૉ સાથે જોડાયેલા હતા. કપિલ શર્મા સાથે વર્ષો સુધી કામ કરનાર દાસ દાદા હવે આ દુનિયામાં નથી રહ્યા. દાસ દાદા કપિલ શર્માના શૉમાં એસોસિયેટ ફોટોગ્રાફર તરીકે કામ કરતા હતા. ઘણા પ્રસંગોમાં કપિલ શર્મા તેની સાથે હસતા અને મજાક કરતા જોવા મળ્યા હતા. હવે તેમના નિધન પછી કપિલ શર્માની ટીમે એક ઈમોશનલ વીડિયો શેર કરીને દાસ દાદાને શ્રદ્ધાંજલિ આપી છે. કપિલ શર્મા શોની ટીમે દાસ દાદાનો વીડિયો શેર કર્યો છે. જેમાં તેમના નિધનની પુષ્ટિ કરવામાં આવી છે અને દાસ દાદાના નામે એક ઈમોશનલ નોટ પણ લખી છે. કપિલ શર્માની ટીમ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં દાસ દાદા સ્ટેજ પર ગળામાં કેમેરો લટકાવીને એન્ટ્રી કરતાં જોવા મળે છે. વીડિયોમાં તેમના કેટલાક નાના -નાના શૉટ છે, જેમાં તેઓ શૉમાં પહોંચતા મહેમાનો સાથે જોવા મળી રહ્યા છે. વીડિયો પોસ્ટ કરતાં કપિલ શર્માની ટીમે કેપ્શનમાં લખ્યું છે કે, આજે દિલ ખૂબ ભારે છે. આજે અમે અમારા પ્રિય દાસ દાદાને ગુમાવ્યા છે, જેમણે તેમના કેમેરાથી ધ કપિલ શર્મા શૉની શરુઆતથી અત્યાર સુધી અગણિત પળોને કેદ કરી છે. તેઓ માત્ર એક એશોસિયેટ ફોટોગ્રાફર ન હતા, પરંતુ હંમેશા હસતા રહેનારા, હંમેશા દયાળુ અને પરિવારના સભ્ય તરીકે હાજર રહેતા હતા. તેમની હાજરી ન માત્ર તેમના કેમેરા દ્વારા ન હતી, પરંતુ અમારી સાથે વિતાવેલી દરેક ક્ષણમાં હૂંફ અને પ્રકાશ લઈને આવી હતી. દાદા, તમારી ખૂબ યાદ આવશે. તમારી આત્માને શાંતિ મળે. તમારી યાદો અમારા દિલમાં રહેશે.

નહેરોની મરામતની કામગીરીનો સૂચિમાં સમાવેશ કરાયો

# ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી થતા વિકાસ કામોની યાદીમાં જળસંચયનો સમાવેશ કરાયો

## આ ગ્રાન્ટમાંથી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો કરવાની સૂચી તૈયાર કરવામાં આવી છે

અમદાવાદ

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ મતવિસ્તારમાં સામૂહિક વિકાસના મહત્વના નાના કામો માટે દરેક ધારાસભ્યને મતવિસ્તાર દીઠ ચોક્કસ વાર્ષિક રકમ ફાળવવાની યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬થી વધારો કરીને રૂ.૨.૫૦ કરોડ કરવામાં આવ્યો છે.આ ગ્રાન્ટમાંથી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો કરવાની સૂચી તૈયાર કરવામાં આવી છે જેમાં ‘‘જળસંચય’’ના કામો ઉમેરવામાં આવ્યા છે. એક કામ માટે રૂ.૫ લાખની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવીરાજ્યના કોઈપણ જિલ્લામાં જળસંચયને લગતા વિકાસ કાર્યો વધુ સારી રીતે થઈ શકે તેવા હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.જે હેઠળ ધારાસભ્યોને મતવિસ્તાર દીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી જળસંગ્રહ ક્ષમતા વધારવાના અને "કેચ ધ રેઈન" દ્વારા ભૂગર્ભ જળસંગ્રહમાં વધારો થાય, રેઈન વૉટર હાર્વેસ્ટિંગ થાય તેવા સામુહિક વિકાસના કામો માટે રૂ.૫૦ લાખની લઘુત્તમ રકમ વપરાય તેવી જોગવાઈ કરવામાં આવી છે.ગામ તળાવો અને સીમ તળાવો ઊંડા અને છીદ્રાળુ કરવાની કામગીરીમાં લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી ૧૦ ટકાની મર્યાદામાં ફાળવી શકાશે. જળસંચયના સૂચવાયેલા વિકાસ કાર્યોમાં એક કામ માટે રૂ.૫ લાખની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવી છે.ધારાસભ્યો પોતાની ગ્રાન્ટમાંથી સૂચવી શકે તેવા વધારાના કામોની અદ્યતન સુચીમાં ‘‘જળસંચય"ના કામોની સૂચી તૈયાર કરવામાં આવી છે.જેમાં ગામના તળાવોને ઊંડા કરવાના તથા તળાવમાં પાણી ભરવા માટેના વોકળા, ગટર, નાળીયા ઊંડા ઉતારવાના અને સિંચાઈના કામ, ચેકડેમના કામ, સરકારી બિલ્ડીંગ ઉપર વરસાદી પાણીના સંગ્રહ માટે વોટર હાર્વેસ્ટીંગને લગતા કામ, ગામના પીવાના પાણીના કુવા ઊંડા ઉતારવા, બાંધવા તથા પાણીનો પીવા માટે ઉપયોગ કરવાલક્ષી સુધારણાના કામો કરવામાં આવશે. આ ઉપરાંત કૂવા રીચાર્જીંગના કામ, દુષ્કાળ સમયે શરૂ થયેલ પીવાના પાણીના તળાવો સેઈફ સ્ટેજે લાવવા, પાણીની ટાંકીના નવા કામ, વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટે વોટર રીચાર્જ સ્ટ્રક્ચરને લગતા કામ, ભૂગર્ભ જળસંગ્રહના સ્ટ્રક્ચરને લગતા કામો જેવા કે ભુગર્ભ ટાંકી અને તેને લગતી આનુષાંગીક કામ, WTP/STP ના રીપેરીંગ તેમજ તેને લગત આનુષાંગીક કામગીરી, સ્ટોર્મ વોટર ડ્રેઈનના કામ, તળાવના પાળાં અને વેસ્ટ વિયરના મજબુતીકરણના કામ, ચેકડેમ રીપેરીંગ, ચેકવોલ તથા નહેરોની મરામતની કામગીરીનો સૂચિમાં સમાવેશ કરાયો છે.

# રાજસ્થાનમાં ૨૫ યુવકોને શિકાર બનાવનારી લૂટેરી દુલ્હન ઝડપાઈ

ભોપાલ,

લૂટેરી દુલ્હનના નામે મશહુર અનુરાધા પાસવાને ૨૫ માસુમ વરરાજા સાથે છેત્તરપિંડી કરી તેઓના લાખોના ઘરેણા અને રોકડ લઈને ભાગવાના આરોપમાં ધરપકડ કરી છે. તેણી પુરુષોને નકલી લગ્નમાં ફસાવવા માટે નવુ નામ, નવી ઓળખ અને નવુ શહેર પસંદ કરતી હતી. ઘરેણા અને રોકડ લઈને ભાગી જતાં પહેલા, તેણી આદર્શ કન્યા અને પુત્રવધુનો ખેલ ખેલતી હતી. સવાઈ માધોપોરની પોલીસે અનુરાધાને પકડવા માટે ઉલ્ટો દાવ રમ્યો હતો. બોગસ ગ્રાહક બનીને તેણીને નકલી લગ્ન કરવા માટે ફસાવીને ધરપકડ કરી હતી. ૩૨ વર્ષની લૂટેરી દુલ્હને યૂપી,ભોપાલ અને રાજસ્થાનમાં પોતાની ટોળકી દ્વારા વિવાહ યોગ્ય પુરુષોને લક્ષાંક બનાવતી હતી. તેણી મોબાઈલ પર પોતાનો ફોટો મોકલીને પોતાને એકલી, ગરીબ અને નિરાધાર બતાવીને સહાનુભૂતિ મેળવતી હતી. તેણી કહેતી હતી કે મારે પિતા નથી, ભાઈ બેરોજગાર છે અને લગ્ન કરવા ઈચ્છે છે પરંતુ ઘરની આર્થિક સ્થિતિ ખરાબ છે.લોકો તેના માસુમ ચહેરા અને વાતોમાં આવી જતાં હતાં. પરંતુ અનુરાધા નકલી લગ્ન ગેંગની લીડર છે. જેનું કામ લોકોને છેતરવાનું છે. તેની ગેંગના સભ્યો અનુરાધાનો ફોટો અને પ્રોફાઈલ લગ્નમાં રસ ધરાવતા યુવકોને મોકલતા હતાં. આદર્શ જીવનસાથીની શોધમાં રહેતા લોકોને લક્ષાંક બનાવતા હતાં. આ ગેંગના સભ્યો છોકરા છોકરીના લગ્ન કરવવા અલગથી બે લાખ રુપિયા લેતા હતાં. રીત રિવાજો અનુસાર લગ્ન થયા બાદ પરિવારના દરેક સભ્ય સાથે ખાસ ભાવનાત્મક સબંધ બનાવતી હતી. ભાગવાની યોજનાને અમલમાં મુકવાનો હોય ત્યારે ભોજનમાં નશીલો પદાર્થ ભેળવીને ઘરેણા, રોકડ અને કિંમતી સામાન લઈને ફરાર થતી હતી.

સરપંચે ચૂંટણી લડવા ૨૦ લાખ રૂપિયા ઉધાર લીધા હતા

# મહિલા સરપંચે ૨૦ લાખમાં ગ્રામ પંચાયત જ ગિરવે મૂકી

## લોન આપીને વસૂલી કરનારા સામે FIR નોંધવામાં આવી

ગુના

મધ્યપ્રદેશના ગુના જિલ્લામાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. મહિલા સરપંચે ગ્રામ પંચાયતને જ ૨૦ લાખ રૂપિયામાં ગિરવે મૂકી દીધી. આ માટે મહિલા સરપંચ અને પંચ વચ્ચે લેખિત કરાર પણ કરવામાં આવ્યો હતો. જ્યારે જિલ્લા વહીવટીતંત્રને આ બાબતની જાણ થઈ, ત્યારે તાત્કાલિક કાર્યવાહી કરીને સરપંચ અને પંચને બરતરફ કરી દેવામાં આવ્યા. મધ્યપ્રદેશ પંચાયત રાજ અને ગ્રામ સ્વરાજ અધિનિયમ ૧૯૯૩ની કલમ ૪૦ હેઠળ બંનેને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. આ ઘટના ત્યારે બની જ્યારે વિસ્તારના ધારાસભ્ય અને સાંસદ બંને ભાજપના છે. કરોદ ગ્રામ પંચાયત મહિલાઓ માટે અનામત છે. અહીં ચૂંટણી પછી તરત જ દબંગોએ કબજો કરી લીધો હતો. શંકરસિંહ ગૌરના પત્ની સરપંચ લક્ષ્મીબાઈએ ચૂંટણી લડવા માટે ગામના હેમરાજસિંહ ધાકડ પાસેથી ૨૦ લાખ રૂપિયા ઉધાર લીધા હતા. આ રકમની ગેરંટી પંચ રણવીર સિંહ કુશવાહાએ લીધી હતી. કરારમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ચૂંટણી જીત્યા બાદ પંચાયતમાં થનારા વિકાસ કાર્યોનું ૫% કમિશન સરપંચ લક્ષ્મીબાઈને મળશે. વિકાસ કાર્યોની જવાબદારી માટે પંચ રણવીર સિંહ કુશવાહાને સરપંચ પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦ લાખનો ચેક ગેરંટી તરીકે હેમરાજસિંહ ધાકડ પાસે રાખવામાં આવ્યો હતો. એગ્રીમેન્ટ પ્રમાણે હેમરાજ સિંહનું દેવું પંચાયતમાં સરકારી ધનથી થતા કામથી ચૂકવવામાં આવશે.

૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર તૈયાર કરાયેલા આ એગ્રીમેન્ટ પર સરપંચ લક્ષ્મીબાઈ, તેમના પતિ શંકર સિંહ, પંચ રણવીર સિંહ કુશવાહા અને રવિન્દ્ર સિંહે સહી કરી હતી. આ એગ્રીમેન્ટ ૨૮ નવેમ્બર ૨૦૨૨ના રોજ થયો હતો.

૨૦ લાખ રૂપિયાની લોન લીધા બાદ પંચાયતને ત્રીજા વ્યક્તિ પાસે ગિરવે મૂકી દેવામાં આવી. સરપંચની ચેકબુક, પંચાયતની સીલ અને અન્ય દસ્તાવેજો પણ શાહુકાર હેમરાજ સિંહ ધાકડ પાસે ગિરવે મૂકવામાં આવ્યા હતા. આ મામલાએ સરકારી પદ અને પૈસાના દુરુપયોગની સાથે-સાથે મહિલા સશક્તિકરણની પણ પોલ ખોલી દીધી. આ ઘટના એ દર્શાવે છે કે કેવી રીતે આદિવાસી અને મહિલા સરપંચોના હોદ્દા પર દબંગો અને પ્રભાવશાળી લોકો હાવી છે. કરોદ ગ્રામ પંચાયત ગુના વિધાનસભા મતવિસ્તારમાં આવે છે, જ્યાં ભાજપના પન્નાલાલ શાક્ય ધારાસભ્ય છે અને જ્યોતિરાદિત્ય સિંધિયા સાંસદ છે. આ જ પ્રકારનો વધુ એક મામલો ચાચૌડાના રામનગર પંચાયતમાં પણ સામે આવ્યો હતો. અહીં, આદિવાસી મહિલા સરપંચ મુન્નીબાઈ સહરિયાએ ગામના દબંગ રામસેવક મીણા પાસેથી લોન લઈને ચૂંટણી લડી હતી. ચૂંટણી જીત્યા બાદ બંને વચ્ચે એક કરાર થયો કે રામસેવક મીણા પંચાયત પર નિયંત્રણ રાખશે, અને બદલામાં તેઓ મુન્નીબાઈને દર વર્ષે ૧ લાખ રૂપિયા આપશે.

મધ્યપ્રદેશ પંચાયત રાજ અને ગ્રામ સ્વરાજ અધિનિયમ ૧૯૯૩ની કલમ ૪૦ હેઠળ બંનેને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. આ ઘટના ત્યારે બની જ્યારે વિસ્તારના ધારાસભ્ય અને સાંસદ બંને ભાજપના છે.

ગુનાના કલેક્ટર કિશોર કુમાર કન્યાલે જણાવ્યું કે, આ બંને જ કેસ ખૂબ જ ગંભીર છે. તપાસ બાદ બંને મહિલા સરપંચોને પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. લોન આપીને વસૂલી કરનારા સામે FIR નોંધવામાં આવી છે. જિલ્લામાં આવા અન્ય કેસોમાં પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત

# રાજ્યમાં ૨૩૮૯ રેવન્યુ તલાટીની કરાશે ભરતી

ગાંધીનગર

એક બાજુ જ્યારે GPSCને લઈને સરકાર સામે લોક આક્રોશ વધતો જાય છે, ત્યારે બીજી બાજુ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસૂલ તલાટીની ૨૩૮૯ જેટલી જગ્યાઓ માટે ભરતી બહાર પાડી છે. આ ભરતીની એડવર્ટાઈઝમેન્ટ સાંજ સુધીમાં પણ સેવા પસંદગી મંડળની વેબસાઈટ https://gsssb.guja®a.gov.in પર મુકવાની સંભાવના છે. રાજ્યમાં ગામડાઓમાં હાલ એવી સ્થિતિ છે કે ત્રણ-ચાર ગામ વચ્ચે એક જ તલાટીની નોકરી હોય અને વહીવટ એક જ તલાટી કરતા હોય છે. ત્યારે ઉમેદવારોને પ્રોત્સાહિત કરવા હેતુથી રાજ્ય સરકારે રેવન્યુ તલાટીની ભરતી બહાર પાડી છે. અગાઉ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એક પત્રમાં જણાવ્યું હતું કે, 'આગામી સમયમાં મહેસૂલ વિભાગ હસ્તકની મહેસૂલી તલાટી, વર્ગ-૩ની અંદાજીત ૨૩૦૦ જેટલી જગ્યાઓ માટેની વિગતવાર જાહેરાત, પરીક્ષાનો અભ્યાસક્રમ, કેટગીરીવાઈઝ ભરવાપાત્ર જગ્યાની વિગતો, ઓનલાઈન અરજી કરવાની તારીખ અંગેની વિગતો સહિતની વિગતવાર જાહેરાત ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

# સોનિયા-રાહુલ ગાંધીએ ગુનાથી ૧૪૨ કરોડ રૂપિયા કમાયા

## કોર્ટે આ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને સેમ પિત્રોડા અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે

નવી દિલ્હી,

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ૧૪૨ કરોડ રૂપિયાની ગુનાહિત આવકનો કથિત રીતે લાભ મેળવ્યો છે, એમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં જણાવ્યું હતું. કોર્ટે આ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે. ED ના ખાસ વકીલ ઝોહેબ હુસૈને દલીલ કરી હતી કે ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મેળવેલી કોઈપણ મિલકત ગુનાની આવક તરીકે લાયક ઠરે છે. આમાં ફક્ત સુનિશ્ચિત ગુનાઓમાંથી મળેલી મિલકતોનો જ સમાવેશ થતો નથી, પરંતુ તે મિલકતો સાથે જોડાયેલી આવકનો પણ સમાવેશ થાય છે.

EDના ખાસ ફરિયાદી ઝોહેબ હુસૈને દાવો કર્યો હતો કે આરોપીઓને મળેલી ૧૪૨ કરોડ રૂપિયાની ભાડાની આવકને ગુનાની આવક તરીકે ગણવી જોઈએ. તેમણે કહ્યું કે સોનિયા અને રાહુલ ગાંધી, જેમની પાસે યંગ ઈન્ડિયનમાં સામૂહિક રીતે ૭૬% હિસ્સો છે, તેઓ બ્રીચ ઓફ ટ્રસ્ટમાં સામેલ હતા. ઈડી અનુસાર, યંગ ઈન્ડિયનએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) પાસેથી માત્ર ૫૦ લાખ રૂપિયામાં ૯૦.૨૫ કરોડ રૂપિયાની સંપત્તિ ખરીદી હતી. ગયા મહિને દાખલ કરાયેલી ચાર્જશીટમાં, ઈડીએ સોનિયા, રાહુલ અને અન્ય ઘણા લોકો પર ૯૮૮ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની અનેક કલમો હેઠળ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ બનાવવામાં આવ્યા છે, જ્યારે તેમના પુત્ર રાહુલ ગાંધી, જે લોકસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે, તેમને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે. તેની ચાર્જશીટમાં, કેન્દ્રીય એજન્સીએ તેના આરોપોને સાબિત કરવા માટે આવકવેરા વિભાગના ૨૦૧૭ ના આકારણી આદેશ પર આધાર રાખ્યો છે. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) ના અગ્રણી સભ્યોએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) અને યંગ ઈન્ડિયનના મુખ્ય અધિકારીઓ સાથે મળીને AJL ની મિલકતો પર નિયંત્રણ મેળવવા માટે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું, જેની કિંમત આશરે રૂ. ૨,૦૦૦ કરોડ હોવાનું માનવામાં આવે છે. નોંધનીય છે કે AJL એક અનલિસ્ટેડ પબ્લિક કંપની છે, જે ઐતિહાસિક રીતે નેશનલ હેરાલ્ડ અખબારના પ્રકાશન સાથે સંકળાયેલી છે. નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના ૧૯૩૮માં ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા કરવામાં આવી હતી. આ અખબાર સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન કોંગ્રેસ પાર્ટીનું મુખપત્ર બન્યું. તે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું, જેની સ્થાપના ૧૯૩૭માં થઈ હતી. સમય જતાં, નાણાકીય મુશ્કેલીઓ અને નુકસાનને કારણે ૨૦૦૮ માં અખબારનું પ્રકાશન બંધ થઈ ગયું. તે સમયે, છત્ન પર કોંગ્રેસ પાર્ટીનું ૯૦ કરોડ રૂપિયાથી વધુનું દેવું હતું. ભાજપના વરિષ્ઠ નેતા અને વકીલ સુબ્રમણ્યમ સ્વામીએ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસ નેતાઓ વિરુદ્ધ દિલ્હીની એક કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં કોગનીઝન્ટ-ઈન્ડિયાના ટેક-ફિન ડિલિવરી સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો.

# ૯૦૦૦ HPનાં પ્રથમ લોકોમોટિવ રેલવે એન્જિનનું લોકાર્પણ કરશે PM નરેન્દ્ર મોદી

## આ યુનિટમાં આગામી ૧૦ વર્ષમાં ૧૨૦૦ જેટલા એન્જિન તૈયાર કરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે જેથી ૧૦ હજાર લોકો માટે રોજગારીનું માધ્યમ પણ બનશે

દાહોદ,

ઓપરેશન સિંદૂર બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત પોતાના વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. **PM** મોદી ૨૬ અને ૨૭મે ના દિવસે ગાંધીનગર, કચ્છ અને દાહોદ એમ ત્રણ જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ કચ્છના ભુજમાં મીરજાપર રોડ પર જાહેર સભા બાદ તેઓ માતાના મઢ આશાપુરા મંદિરના દર્શન કરશે. ઉલ્લેખનીય છે કે, દાહોદ ખાતે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલ્વે પ્રોડક્શન યુનિટનું નિર્માણ થયું છે, જેમાં બનેલા ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિનનું લોકાર્પણ વડાપ્રધાન મોદી આ પ્રવાસ દરમિયાન કરવાના છે. દાહોદમાં ૨૦ હજાર કરોડના ખર્ચે **PPP** મૉડલ પર તૈયાર થયેલા રેલ કારખાનામાં આગામી ૧૦ વર્ષમાં ૧૨૦૦ જેટલા લોકોમોટિવ એન્જિન તૈયાર થવાના છે. જેમાંથી ૪ એન્જિન ટૂંક સમયમાં જ તૈયાર થશે. અહીં બનતા લોકોમોટિવ એન્જિનને આગામી સમયમાં ૧૦૦% મેઈક ઈન ઈન્ડિયાના તર્જ પર બનાવવામાં આવશે.

આ તમામ એન્જિન ઉપર મેન્યુફેકચરિંગ બાય દાહોદ લખાશે અને ભવિષ્યમાં તેને દેશ-વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવશે. આ લોકોમોટિવ એન્જિનની ખાસિયત એ છે કે, તે ૪૬૦૦ ટનના કાર્ગો વહન કરવાની ક્ષમતા ધરાવે છે. એન્જિનમાં પ્રથમ વખત ચાલક માટે એસી તેમજ ટોયલેટ મૂકવામાં આવ્યા છે. આ સાથે દુર્ઘટનાથી બચવા માટે કવર સિસ્ટમ પહેલેથી જ લગાવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ દાહોદ સહિતના વિસ્તારોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧૦ હજાર માનવીઓને રોજગારી મળશે. તેમજ સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે. આ ઉપરાંત, સૌથી નીચા બીડર તરીકે બહાર આવેલી મલ્ટિનેશનલ કંપની દ્વારા રેલવે એન્જિનના ઉત્પાદન માટે વિવિધ ચીજોની જરૂરિયાત માટે પાવર સેકટર, એન્જિનિયરિંગ સેક્ટરની નાની-મોટી કંપનીઓ માટે પણ ચીજ વસ્તુઓ પૂરી પાડવા માટે તક ઊભી થશે. ઉલ્લેખનીય છે કે, ૯૦૦૦ એચપીના ૬ એક્સલવાળા ઈલેક્ટ્રિક એન્જિનની સરેરાશ ઝડપ ૭૫ કિ.મી. કલાક રહેશે. આ એન્જિનનું મેઈન્ટેનન્સ પશ્ચિમ બંગાળના ખડગપુર, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ, છત્તીસગઢના રાયપુર અને મહારાષ્ટ્રના પૂણે ડેપોમાં કરવામાં આવશે.

### વાહનચાલકો મુશ્કેલીમાં

# સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે પર ભયજનક તિરાડો પડી

## તિરાડોને કારણે વાહનચાલકો અને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

સોમનાથ,

સોમનાથ અને ભાવનગરને જોડતો આ હાઈવે ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. લાંબા સમયની રાહ જોયા બાદ આ હાઈવેનું નિર્માણ થયું અને મોટા ભાગની કામગીરી પૂર્ણ પણ થઈ ગઈ છે. નિર્માણને હજુ એક વર્ષ પણ પૂરું થયું નથી, ત્યાં અનેક જગ્યાએ ભયજનક તિરાડો પડી ગઈ છે. આ તિરાડોને કારણે વાહનચાલકો અને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે, જેનું નિર્માણ હજુ એક વર્ષ પણ પૂરું થયું નથી, ત્યાં તે પહેલા જ હાઈવે પર ઠેર ઠેર મોટી અને ભયજનક તિરાડો પડી ગઈ છે. આ તિરાડો એટલી મોટી છે કે નાના વાહનો અને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે તે જીવલેણ સાબિત થઈ રહી છે. વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે, જેના કારણે લોકોને ઈજાઓ પણ થઈ રહી છે. રાત્રિના સમયે તો પરિસ્થિતિ વધુ ભયાવહ બની જાય છે કારણ કે પ્રકાશના અભાવે આ તિરાડો સ્પષ્ટ દેખાતી નથી, અને વાહનચાલકો અચાનક ખાડામાં આવી જતા સંતુલન ગુમાવી દે છે. રાહદારીઓ એ જણાવ્યું હતું કે અમે રોજે અહીંથી પસાર થઈએ છીએ. રાત્રે તો દેખાતું પણ નથી. અચાનક ખાડો આવી જાય અને ગાડી ઉછળે. ઘણીવાર તો પડી પણ જઈએ છીએ. નવો રોડ બન્યો છે પણ ખરાબ હાલત છે. અકસ્માત તો રોજ થાય છે. સરકાર આટલા કરોડો રૂપિયા ખર્ચે છે અને આવો રોડ બનાવે છે! એક વર્ષ પણ પૂરું નથી થયું અને તૂટવા લાગ્યો. આ તો તંત્રની બેદરકારી છે.કરોડો રૂપિયાના ખર્ચે બનેલો આ હાઈવે આટલા ઓછા સમયમાં કેવી રીતે તૂટી શકે તે એક મોટો પ્રશ્ન છે.

### કાલુપુર પાસે ડાયવર્ઝનને એક દિવસ માટે ખોલશે

# અમદાવાદમાં રથયાત્રાના રૂટમાં કોઈ ફેરફાર નહીં થાય

## રથયાત્રાના રૂટમાં ફેરફારને લઈને મંદિર ટ્રસ્ટ, એએમસી, મેટ્રો રેલ અને પોલીસ વચ્ચે વિવાદ શરૂ થયો હતો જોકે હવે આ વિવાદનો અંત આવી ગયો

અમદાવાદ

અમદાવાદ દર વર્ષે અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે રથયાત્રાના રૂટમાં ફેરફારને લઈને મંદિર ટ્રસ્ટ, એએમસી, મેટ્રો રેલ અને પોલીસ વચ્ચે વિવાદ શરૂ થયો હતો. જોકે હવે આ વિવાદનો અંત આવી ગયો છે. કાલુપુર પાસે ડાયવર્ઝનને એક દિવસ માટે ખોલશે. જેથી હવે રથયાત્રાના રૂટમાં કોઈ ફેરફાર થશે નહી, રથયાત્રા પરંપરાગત રૂટ પરથી જ પસાર થશે. હાલમાં કાલુપુર રેલવે સ્ટેશન નજીક નવા ફ્લાયઓવરનું બાંધકામ ચાલી રહ્યું છે. જેની સ્થળ મુલાકાત બાદ રથયાત્રાનો પ્રસ્તાવિત રૂટ પંચકુવા દરવાજાથી કાલુપુર રેલવે સ્ટેશન તરફ જશે. કાલુપુર રેલવે સ્ટેશનની સામેની તરફના રોડ (કાલુપુરથી સારંગપુર જવાનો રસ્તો) પર ખસેડવામાં આવશે અને ફરીથી રેલવે વર્ક પિયર નંબર ૨૪થી મોતી મહેલ રેસ્ટોરન્ટ તરફ જશે. રથયાત્રા નિયત રૂટ પરથી સરળતાથી નીકળી શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ અને એજન્સીએ આ પ્રમાણે કામગીરી કરવાની રહેશે. . રથયાત્રાના દિવસે (અષાઢી બીજે) રસ્તામાં પડેલા પથ્થર ખસેડી લેવા અને રેલિંગ તોડી પાડવાની રહેશે. . બે મોટા વૃક્ષો કાપવાના રહેશે. રથને સરળતાથી હંકારવા માટે બિટ્યુમિનસ મટિરિયલ વડે રોડ પેચવર્ક કરવાનું રહેશે. . પોલીસે રથયાત્રાના રૂટની જાહેરાત કરવાની રહેશે. . ફક્ત રથયાત્રાના દિવસ માટે નકશા મુજબ રોડ ડાયવર્ઝન ખોલવા માટે પરવાનગી અને સંકલન કરવાની જરૂર છે.

### કાઝી સહિત ૭ લોકોની અટકાયત

# અમદાવાદ જેવા મેગા સિટીમાંથી બાળલગ્નની ઘટનાની સામે આવી

અમદાવાદ,

ગુજરાતમાં મોટાભાગે આદિવાસી વિસ્તારમાં બાળલગ્નના કિસ્સા સામે આવતા હોય છે. ત્યારે અમદાવાદ જેવા મેગા સિટીમાંથી બાળલગ્નની ઘટનાની સામે આવતાં ચકચાર મચી ગઈ છે. પોલીસને એક નનામી અરજી મળી હતી, જેમાં અમદાવાદના જમાલપુર વિસ્તારમાં બાળલગ્ન થઈ રહ્યા હોવાનો ઉલ્લેખ હતો. પોલીસે નનામી અરજીના આધારે તપાસ હાથ ધરી હતી. આ મામલે પોલીસે કાઝી સહિત સાત લોકોની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર જમાલપુર વિસ્તારમાં બાળલગ્ન થઈ રહ્યા હોવાની પોલીસને નનામી અરજી મળી હતી. જેના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરતાં ૧૪ વર્ષની સગીરના લગ્ન ૧૯ વર્ષના યુવક સાથે કરાવવામાં આવી રહ્યા હતા. સગીરાના પિતાએ તેના નાના ભાઈના પુત્ર સાથે પોતાની પુત્રીના લગ્ન કરાવી રહ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે બાળલગ્ન મામલે યુવક અને કાઝી સહિત સાત લોકો વિરૂદ્ધ ગુનો નોંધી અટકાયત કરી છે. ૩૦ એપ્રિલના રોજ નરેશભાઈએ અરજી મામલે દીકરાના પિતાને પૂછપરછ અને નિવેદન માટે બોલાવ્યા હતા. તેઓએ પોલીસ સમક્ષ પોતાનુ નિવેદન લખાવ્યું હતું કે, તેની પત્ની બીમાર છે તેમજ સમાજના રીતરીવાજ મુજબ પિતરાઈ ભાઈ-બહેન વચ્ચે લગ્ન થતા હોય છે. તેણે તેના પિતા અને નાના ભાઈ સાથે વાત કરી હતી. બાળલગ્નને લઈને યુવકના પિતાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે મારી પત્ની બિમાર છે અને અમારા સમાજના રીત-રિવાજ મુજબ પિતરાઈ ભાઈ-બહેન વચ્ચે લગ્ન થતા હોય છે. જેથી તેણે મોટાભાઈની પુત્રી સાથે લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો. ત્યારબાદ જમાલપુર કાચની મસ્જિદ ખાતે નિકાહ કરવામાં આવ્યા હતા અને તેમને લગ્નનું સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું છે. જેને નિકાહનામા કહેવામાં આવે છે. પોલીસે તમામ નિવેદનો અને પુરાવા તપાસતાં જાણવા મળ્યું છે કે પરિવાર બાળ લગ્નના નિયમોનો ભંગ કર્યો છે. જેથી પોલીસે મસ્જીદના કાઝી જમાલુદીન સિદીકી સહિત ૭ લોકો વિરૂદ્ધ ગુનો નોંધી અટકાયત કરી છે.

# RTE હેઠળ બીજા રાઉન્ડમાં ૭૦૦૦ બાળકોને પ્રવેશ અપાયો

## ૪૫૬૯૫ અરજદારોએ શાળાઓની પુનઃપસંદગી કરી

અમદાવાદ

**RTE** એક્ટ-૨૦૦૯ અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.જે અંતર્ગત તા.૨૧ મે ૨૦૨૫ના રોજ યોજાયેલા **RTE** પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ બાદ વધુ ૭૦૦૬ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા.૨૮મે ૨૦૨૫ બુધવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ હાજર થઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે.

**RTE** પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઉપલબ્ધ જગ્યાઓ પૈકી બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારોની પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ગુજરાતી માધ્યમની ૭૨૮, અંગ્રેજી માધ્યમની ૪૫૬૪, હિન્દી માધ્યમની ૧૯૨૦ અને અન્ય માધ્યમની ૧૬૬ એમ કુલ ૭૩૭૮ જેટલી જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.રાજ્ય સરકારનાં પ્રયાસોથી વાલીઓમાં જાગૃતિ આવતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં રાજયની કુલ ૯૮૧૪ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૪૭૯૮ જેટલી જગ્યાઓ **RTE** હેઠળ ઉપલબ્ધ હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિમીની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈ પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૬૪ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં ૮૦૫૪૩ જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લીધો છે.

પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલ ૧૪૩૪૫ જગ્યાઓ પર વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને **RTE** હેઠળ પ્રવેશનો લાભ મળી રહે તે હેતુથી પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલા અને માન્ય અરજી ધરાવતા ૮૯૪૪૫ અરજદારોને શાળાઓની પુનઃપસંદગીની તક તા.૧૫ મે ૨૦૨૫ થી તા.૧૭ મે ૨૦૨૫ દરમિયાન આપવામાં આવી હતી.આ સમયગાળામાં કુલ ૪૫૬૯૫ અરજદારોએ શાળાઓની પુનઃપસંદગી કરી હતી, જ્યારે બાકીના ૪૩૭૫૦ અરજદારોએ પ્રથમ રાઉન્ડ પૂર્વે ભરેલ ફોર્મની શાળાઓ યથાવત રાખી હતી.

### દાહોદમાં બાળકી સાથે દુષ્કર્મ-હત્યાનો કેસ

# કોર્ટે આરોપી આચાર્યને ફટકારી ૧૦ વર્ષ સજા

દાહોદ

જિલ્લાના સિંગવડ તાલુકાના તોયણી ગામની પ્રાથમિક શાળામાંથી છ વર્ષની પહેલા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીની લાશ મળી હતી. આ બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કરીને તેની હત્યા શાળાના આચાર્ય ગોવિંદ નટે કરી હતી. આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને દસ વર્ષની સજા અને બે લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.દાહોદમાં ૬ વર્ષની બાળકી સાથે બળાત્કારના પ્રયાસ બાદ તેની હત્યા કરવામાં આવી હતી. બળાત્કાર બાદ રાજ્યભરમાં ઘટના અંગે રોષ જોવા મળ્યો હતો. સરકાર પક્ષે ઘટનાના માત્ર ૧૨ દિવસમાં ગંભીરતા પૂર્વક ચાર્જશીટ દાખલ કરાઈ હતી. જેમાં ૧૫૦ સાક્ષી સહિતની બાબતોનો સમાવેશ કરી રાજ્ય સરકાર તરફથી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ૩૧ સાક્ષી સરકાર પક્ષે તપાસ્યા ઉપરાંત દસ્તાવેજી અને ઈલેક્ટ્રોનિક પુરાવા કોર્ટમાં રજૂ કરાયા હતા. આ કેસમાં માત્ર ૩૪ હિયરિંગમાં જ કેસની ટ્રાયલ પૂર્ણ થઈ હતી. સરકારે આ કેસમાં વિશેષ સરકારી વકીલ તરીકે અમિત નાયરની નિમણૂક કરી હતી. આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે દસ વર્ષની સજા અને બે લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ તોયણી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં ધોરણ એકમાં અભ્યાસ કરતી છ વર્ષની માસૂમ બાળકીનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં તેની શાળામાંથી જ મળ્યો હતો. જે બાદ બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, તેનું મોઢું દબાવીને મારવામાં આવી છે. જેથી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ મામલે જિલ્લાની એલસીબી તેમજ અન્ય બ્રાન્ચો અને ડોગ સ્ક્વોડ દ્વારા પણ તપાસ હાથ ધરાઈ હતી. મૃતકની માતાએ પૂછપરછમાં જણાવ્યું હતું કે, ૧૯મી સપ્ટેમ્બરના રોજ તેમણે દીકરીને શાળાના આચાર્ય ગોવિંદ નટ સાથે તેમની કારમાં મોકલી હતી. જેથી પોલીસે આચાર્ય અને શાળાના શિક્ષકોની પણ પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન આચાર્યએ જણાવ્યું હતું કે, બાળકીને હું મારી કારમાં બેસાડીને શાળામાં લાવ્યો હતો પરંતુ ગાડીમાંથી ઉતરીને ક્યાં ગઈ તેની મને ખબર નથી. જે બાદ હું મારી રોજિંદા કામ કરવા લાગ્યો હતો.

### કોરોના રોગથી ગભરાવાની જરૂર નથી

# અમદાવાદમાં કોરોનાના ૭ કેસ નોંધાતા સિવિલ હોસ્પિટલ સતર્ક

## આ સિવાય ઓક્સિજન અને દવાઓ સહિતની તમામ વ્યવસ્થાઓ પણ તાત્કાલિક ધોરણે તૈયાર કરવામાં આવી

અમદાવાદ,

અમદાવાદમાં કોરોનાના સાત નવા પોઝિટિવ કેસ નોંધાયા છે, જેના પગલે શહેરનું તંત્ર સતર્ક થઈ ગયું છે. કોરોના દર્દીઓ માટે ૧,૨૦૦ બેડની વ્યવસ્થા સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી છે. આ સિવાય ઓક્સિજન અને દવાઓ સહિતની તમામ વ્યવસ્થાઓ પણ તાત્કાલિક ધોરણે તૈયાર કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, “કોરોના રોગથી ગભરાવાની જરૂર નથી. હોસ્પિટલમાં પુરતી વ્યવસ્થા છે અને જરૂર પડે તો તાત્કાલિક સારવાર માટે તમામ સાધનો પણ ઉપલબ્ધ છે. જો ઓક્સિજનની જરૂર ઊભી થાય તો ૨૦ હજાર લિટરની બે ટેન્ક પણ તૈયાર કરવામાં આવી છે. અમદાવાદમાં નોંધાયેલા ૭ કેસમાં વિવિધ વયના દર્દીઓ છે. જેમાં વટવાનો ૧૫ વર્ષીય કિશોર, નારોલનો ૨૮ વર્ષીય યુવક, દાણી લીમડાના ૭૨ વર્ષીય વૃદ્ધા, બહેરામપુરાનો ૩૦ વર્ષીય યુવક, ગોતાની ૨ વર્ષીય બાળકી, નવરંગપુરાના ૫૪ વર્ષીય વયસ્ક અને બોપલના ૧૫ વર્ષીય કિશોરનો સમાવેશ થાય છે. શહેરમાં કોરોના સામે લડવા માટે તંત્ર સક્રિય છે અને આવનારા સમયમાં વધુ સંભાળ રાખવા માટે તૈયારીઓ ચાલુ રાખવામાં આવી રહી છે.

### બચુ ખાબડ છેલ્લાં ઘણાં સમયથી સંપર્ક વિહોણ હતા

# હું ભાગેડુ નથી : મંત્રી બચુ ખાબડેએ આપ્યું મોટું નિવેદન

## મંત્રી બચુ ખાબડે દાવો કર્યો કે હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું



દાહોદ,

દાહોદ જિલ્લામાં ગરીબ મજૂરોને રોજગારી આપતી મનરેગા યોજનામાં ૧૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધુનો ભ્રષ્ટાચાર કરાનારા મંત્રીપુત્ર બળવંત ખાબડ અને કિરણ પટેલની ધરપકડ બાદ બચુ ખાબડ છેલ્લાં ઘણાં સમયથી સંપર્ક વિહોણ હતાં. જોકે, હવે આટલા સમય બાદ બચુ ખાબડનું નિવેદન સામે આવ્યું છે. કોંગ્રેસ બદનામ કરવાનો પ્રયાસ કરતી હોવાનો મંત્રી બચુ ખાબડે દાવો કર્યો છે. હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું.

બચુ ખાબડે કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે, ‘કોંગ્રેસ પાસે કોઈ મુદ્દો નથી તેથી ખોટા આરોપો લગાવે છે અને મારા બંને પુત્રો નિર્દોષ છે. બંને દીકરાની માત્ર સપ્લાઈ એજન્સી છે અને તેઓ તપાસમાં સહકાર આપશે. હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું.’ જોકે, તેમણે એવો પણ દાવો કર્યો કે, શ્રમિક કામ માટે અમારી એજન્સીને કોઈ કોન્ટ્રાક્ટ આપવામાં નહતો આવ્યો. આટલા દિવસોથી સંપર્કવિહોણા રહ્યા બાદ બચુભાઈ ખાબડે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ‘અત્યારે દાહોદ જિલ્લામાં મનરેગાને લઈને કોંગ્રેસ અમારા પર આક્ષેપો કરી રહી છે કે, બચુભાઈના પુત્રોએ એજન્સીના માધ્યમથી ભ્રષ્ટાચાર કર્યો છે અને આ બાબતે **FIR** પણ થઈ છે. જોકે, સત્ય બાબત હવે બહાર આવશે. મારા દીકરાઓ પર આક્ષેપ કરાયો છે પરંતુ, મેં તેમને સામેથી જ પોલીસ સામે હાજર કરી દીધા છે. અમે સરકારની મદદ કરી રહ્યા છીએ, જે તપાસ ચાલી રહી છે તેમાં પૂરતો સહયોગ પણ આપીએ છીએ.’ કેબિનેટ બેઠકમાં ગેરહાજરીને લઈને બચુભાઈએ કહ્યું કે, ‘દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી તારીખે ગુજરાત આવી રહ્યા છે, તેથી હું આજે કેબિનેટની બેઠકમાં ગયો નથી. વ્યવસ્થાના ભાગરૂપે અત્યારે હું ધાનગઢમાં બેઠક કરી રહ્યો છું, ત્યારબાદ દેવગઢ બારિયા જવાનો છું અને આખી વ્યવસ્થા સંભાળી રહ્યો છું. આ વિશે મેં મુખ્યમંત્રીને આજનો રિપોર્ટ પણ આપી દીધો છે. હું ગુજરાતમાં ફરી રહ્યો છું તો કેવી રીતે મારા પર આક્ષેપ કરાઈ રહ્યા છે કે, મંત્રી ભાગેડું છે અને ભૂગર્ભમાં છે? સમગ્ર કેસને લઈને તપાસ થઈ રહી છે અને તે તપાસનો વિષય છે. મને સરકાર અને તપાસ એજન્સીઓ પર વિશ્વાસ છે. જે પણ પરિણામ આવશે તે ભવિષ્યમાં સામે આવી જશે.’

### ક્વેરીને માટે આવેલા ફોને મહિલા આરોપીનો ભાંડો ફોડી દીધો

# મેડીક્લેમ ફોર્મમાં ખોટા સહિ-સિક્કા કરી તબીબની મહિલા સ્ટાફે આચર્યુ કૌભાંડ

## મહિલા આરોપી રશ્મીબેન પાટીલે જ તબીબ સાથે છેતરપિંડી આચરી છે, જેના ગુનામાં તેને હવે જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મહિલા તબીબ સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. આ છેતરપિંડી કોઈ સાયબર છેતરપિંડી નહીં પણ તેમની ડિગ્રી અને સહી માટે કરવામાં આવી છે. આ સમગ્ર બાબતે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ત્યારે કોણે મહિલા તબીબ સાથે કેવી રીતે છેતરપિંડી કરી, જોઈએ આ રિપોર્ટમાં. મહિલા આરોપી રશ્મીબેન પાટીલે જ તબીબ સાથે છેતરપિંડી આચરી છે, જેના ગુનામાં તેને હવે જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે. ઘટનાની વાત કરીએ તો શાહપુરમાં ગાયનોકોલોજીસ્ટ મહિલા તબીબે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે વેલીસ ડાયગ્નોસ્ટીક એન્ડ પેથોલેજી સેન્ટરના ડાયરેકટર અને પેથોલોજીસ્ટ રશ્મીબેન પાટીલે **LIC**માં ડોકટર પેનલમાં તેમનું નામ મોકલીને તેમના નામના સિક્કા બનાવીને મેડીકલેમ ફોર્મમાં ખોટી સહી તેમજ સિકકાનો ઉપયોગ કરીને છેતરપિંડી આચરી હતી. ૧૩ મેના રોજ એલઆઈસી કંપનીમાંથી મેનેજર મુકેશ ગોયલે વેલીસ ડાયગ્નોસ્ટીક એન્ડ પેથોલોજી સેન્ટરના એક ફોર્મમાં ભૂલ હોવાનું કહીને મહિલા તબીબને ફોન કર્યો હતો. જેથી મહિલા તબીબે કોઈ ફોર્મમાં પેનલ ડોકટર તરીકે સહી કે સિક્કા કર્યા હોવાનું ન કહેતા સમગ્ર કૌભાંડ સામે આવ્યુ હતુ. આરોપીઓએ મહિલા ડોકટરની ડિગ્રી સર્ટિફિકેટ, આધારકાર્ડ અને ગુજરાત મેડીકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટનો ઉપયોગ કરીને પેનલ ડોકટરમાં નામ લખાવીને મેડીકલેમ માટે ખોટા સહિ-સિક્કા કરાવીને કમિશન મેળવતા હોવાનું તપાસમાં ખુલ્યું છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે સેટેલાઈટ વિસ્તારમાં વેલીસ ડાયગ્નોસ્ટીક એન્ડ પેથોલોજી સેન્ટરમાં છેલ્લા પાંચ વર્ષથી પેથોલોજીસ્ટ તરીકે રશ્મીબેન પાટીલ નોકરી કરે છે. બે વર્ષ પહેલા આરોપી રશ્મીબેન લેબોરેટરીમાં સેમ્પલ કલેકશન દરમ્યાન મહિલા તબીબના સંપર્કમાં આવ્યા હતા. ત્યારે રશ્મિબેને એલઆઈસી કંપની સાથે મેડીકલેઈમનું ટાઈઅપ હોવાનું કહ્યું હતુ અને મહિલા તબીબને ગાયનેક પેશન્ટ માટે પેનલ ડોકટર તરીકે જોડાવવાની વાત કરી હતી. જેમાં ગાયનેક દર્દીઓની મેડીકલ હિસ્ટ્રીની તપાસ, સોનોગ્રાફી, પેપ્સસ્મીયર ટેસ્ટ અને મેડીકલેઈમ ફોર્મની નોંધણી માટે સહી-સિક્કા કરવાનું જણાવ્યુ હતુ. જેથી મહિલા તબીબે વિશ્વાસમાં આવીને પોતાના ડોકયુમેન્ટ આરોપીને આપ્યા હતા. પરંતુ આરોપીએ પેનલ ડોકટર તરીકેનું કઈ અપડેટ નહીં હોવાનું કહ્યું હતુ પણ બે વર્ષ બાદ ૧૩ મે ૨૦૨૫ના રોજ કવેરીને લઈને આવેલા ફોને મહિલા આરોપીનો ભાંડો ફોડી દીધો હતો. આ મહિલા પેથોલોજીસ્ટ અને વેલીસ ડાયગ્નોસ્ટીક એન્ડ પેથોલોજી સેન્ટરના ડાયરેક્ટરે મહિલા તબીબને રૂપિયા આપવાની પણ ઓફર આપી હતી. પરંતુ મહિલા તબીબે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. ત્યારે કોણે મહિલા તબીબ સાથે કેવી રીતે છેતરપિંડી કરી, જોઈએ આ રિપોર્ટમાં. મહિલા આરોપી રશ્મીબેન પાટીલે જ તબીબ સાથે છેતરપિંડી આચરી છે, જેના ગુનામાં તેને હવે જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે.સેટેલાઈટ પોલીસે મેડીકલેમના કૌભાંડ કેસમાં મહિલા પેથોલોજીસ્ટની ધરપકડ કરીને રિમાન્ડની કાર્યવાહી શરૂ કરી છે. આ મહિલા આરોપીને એક મેડીકલેમ ફોર્મ માટે ૯૦૦ રૂપિયા કમિશન મળતુ હતુ. આરોપીએ **LIC**માં અત્યાર સુધીમાં ૧૦થી વધુ મેડીકલેમ ફોર્મમાં સહી -સિક્કા કર્યા હોવાનું ખુલ્યુ છે. આ ઠગ આરોપીએ અન્ય કેટલી કંપનીમાં ખોટા મેડીકલેમ ફોર્મ જમા કરાવી કૌભાંડ આચર્યુ છે તે બાબતે સેટેલાઈટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.